ક્રમાંક: એમસીજી-૨૦૧૭-એસએફએસ-૮૭-જ
ગુજરાત સરકાર.
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ.
સરદાર પટેલ ભવન. બ્લોક નં.૭. ૭મો માળ.
સચિવાલય. ગાંધીનગર.
તા.03-0૭-૨૦૧૮.

પ્રતિ,
ટ્રસ્ટીશ્રી,
ડૉ.એન.ડી.દેસાઇ ફેકલ્ટી ઓફ મેડીકલ સાયન્સ-
એન્ડ રીસર્ચ ધરમસિંહ દેસાઇ યુનિવર્સિટી,
નડીયાદ.

વિષય: નવી સ્વનિર્ભર (ગ્રીન ફીલ્ડ) મેડીકલ કોલેજની સ્થાપના કરવા બાબત.

શ્રીમાન,

ઉપરોક્ત વિષયાનુસંધાને જણાવવાનું કે, નડીયાદ ખાતે નવી સ્વનિર્ભર (ગ્રીન ફીલ્ડ) મેડીકલ કોલેજની સ્થાપના કરવા બાબતની આપની અરજી અન્વયે રાજ્ય સરકારે આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા.૧૩-૧૨-૨૦૧૬ના ઠરાવથી નિયત કરેલ રાજ્યમાં નવી સ્વનિર્ભર (ગ્રીન ફીલ્ડ) મેડીકલ કોલેજની સ્થાપના કરવાની પ્રોત્સાહક યોજના અંતર્ગત લાભો મેળવવા માટે આપના ટ્રસ્ટ દ્વારા સંચાલિત સંસ્થાને સૈધ્ધાંતિક રીતે પાત્ર ગણેલ છે, જે વિદિત થાય.

આપનો વિશ્વાસુ,

(વી.જી.વણઝારા)
સરકારના અધિક સચિવ(ત.શિ.)
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ

નકલ રવાના:-
કમિશ્નરશ્રી, આરોગ્ય અને તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ, ૫, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર તરફ જાણ સારૂ.

Scanned by CamScanner

# આરોગ્ય નીતિ - ૨૦૧૬




सत्यमेव जयते

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ,**
**ગુજરાત સરકાર**

# આરોગ્ય નીતિ - ૨૦૧૬




सत्यमेव जयते

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ,**
**ગુજરાત સરકાર**

# અનુક્રમણિકા


| ક્રમ | વિષય | પૃષ્ઠ નંબર |
|---|---|---|
| ૧ | **પ્રસ્તાવના** | ૧ |
| ૨ | **આરોગ્ય નીતિના મુખ્ય ઘટકો** | |
| | (અ) નવી સ્વનિર્ભર (ગ્રીન ફીલ્ડ) મેડીકલ કોલેજ | ૨ |
| | (બ) નવી સ્વનિર્ભર (બ્રાઉન ફીલ્ડ) મેડીકલ કોલેજ | ૩ |
| | (ક) નવી સુપર સ્પેશ્યાલીટી હોસ્પિટલ | ૪ |
| | (ડ) આરોગ્ય વિષયક સેવાઓ પુરી પાડવા સાધનો વસાવવા | ૫ |
| ૩ | **સરકારના આરોગ્ય નીતિ અનુસંધાને થયેલ ઠરાવો** | |
| | (અ) નવી સ્વનિર્ભર (ગ્રીન ફીલ્ડ) મેડીકલ કોલેજ | ૭ |
| | (બ) નવી સ્વનિર્ભર (બ્રાઉન ફીલ્ડ) મેડીકલ કોલેજ | ૧૫ |
| | (ક) નવી સુપર સ્પેશ્યાલીટી હોસ્પિટલ | ૨૩ |
| | (ડ) આરોગ્ય વિષયક સેવાઓ પુરી પાડવા સાધનો વસાવવા | ૩૧ |


**सर्वे भवन्तु सुखिनः सर्वे सन्तु निरामयाः ।**
**सर्वे भद्रणिपश्यन्तु मा कश्चिद् दुःखभाग् भवेत् ।।**

# પ્રસ્તાવના

રાષ્ટ્રના સર્વાંગી વિકાસ માટે સ્વસ્થ અને તંદુરસ્ત સમાજ અતિ આવશ્યક છે. આરોગ્ય મુળભુત માનવ અધિકાર ઉપરાંત સમાજના આર્થિક વિકાસ માટે પણ જરૂરી છે. સ્વસ્થ સમાજથી રોજગાર વધે છે, માંદગીનો ખર્ચ ઘટે છે તેમજ સામાજિક સમરસતા વધે છે. છેલ્લા થોડા દાયકાઓમાં ભારતીય નાગરિકના આરોગ્યમાં નોંધપાત્ર વધારો થયેલ છે. જો કે ચેપી તેમજ બિનચેપી રોગોના બેવડા બોજને કારણે ભારત જેવા ઓછી અને મધ્યમ આવક ધરાવતા દેશોની આરોગ્ય સેવાઓ પર અનન્ય પડકારો ઉભા થયેલ છે. આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ ગુજરાત સરકાર દ્વારા રાજ્યના નાગરિકોને ઘર આંગણે તમામ પ્રકારની આરોગ્ય સેવાઓ મળી રહે તે માટે આરોગ્ય સંબંધી સેવાઓનું વિશાળ અને મજબુત માળખું ઉભુ કરેલ છે.

રાજ્ય સરકાર પ્રાથમિકથી લઈને સ્પેશ્યાલિસ્ટ સહિતની ગુણવત્તા સભર અને પોસાય તેવી આરોગ્ય સેવાઓ તમામ નાગરિકોને સમાન તેમજ જવાબદાર રીતે મળી રહે તે માટે પ્રતિબદ્ધ છે. આના માટે પર્યાપ્ત આરોગ્યનું માળખું, કુશળ આરોગ્ય કર્મચારી, પોસાય તેવી દવાઓ અને નિદાનના સાધનો જરૂરી છે જેથી તમામ નાગરિકોને સમાન કક્ષાની ગુણવત્તાસભર સારવાર મળી રહે. છેલ્લા કેટલાક વર્ષોમાં મેડીકલ કોલેજ તેમજ વિદ્યાર્થીઓની સંખ્યામાં નોંધપાત્ર વધારો થયેલ હોવા છતા વસ્તી દીઠ ડોક્ટરની સંખ્યા ઘણી ઓછી છે તેમજ હજી પણ રાજ્યના ઘણા વિદ્યાર્થીઓ તબીબી શિક્ષણ માટે રાજ્ય તેમજ દેશની બહાર જાય છે. હાલમાં રોગના નિદાન તેમજ સારવારની નિષ્ણાંત આરોગ્ય સેવાઓ મોટાભાગે શહેર તેમજ તેની આસપાસના વિસ્તારમાં કેન્દ્રિત છે જ્યારે રાજ્યની અડધા કરતા વધારે વસ્તી રાજ્યના અંતરીયાળ ગ્રામીણ તેમજ આદિવાસી વિસ્તારમાં રહે છે. આમ, માંગ અને પુરવઠાની રીતે આરોગ્યની સુવિધાઓ તેમજ આરોગ્ય સુચકઆંકોમાં શહેરી અને ગ્રામ્ય/આદિવાસી વિસ્તારમાં નોંધપાત્ર તફાવત છે. આથી, અંતરીયાળ ગ્રામીણ તેમજ આદિવાસી વિસ્તારમાં આરોગ્યની સુવિધાઓ તેમજ પ્રશિક્ષિત માનવસંસાધન પુરવઠો વધારવા માટે રાજ્ય સરકાર આરોગ્ય નીતિ-૨૦૧૬ બહાર પાડી છે, જેથી રાજ્યના અંતરીયાળ વિસ્તાર સુધી આરોગ્યનું માળખું સુદ્રઢ થવાની સાથે સાથે મેડીકલ ટુરીઝમ ક્ષેત્રે પણ આકર્ષણ વધશે અને રોજગારીની તકોમાં મોટા પાયે વધારો થશે. આરોગ્ય નીતિ-૨૦૧૬ અંતર્ગત રાજ્ય સરકારે નીચે મુજબ પ્રોત્સાહક યોજનાઓ જાહેર કરેલ છે.

# ૧

# નવી સ્વ-નિર્ભર (ગ્રીન ફીલ્ડ) મેડીકલ કોલેજોની સ્થાપના કરવા માટેની યોજના.

**યોજનાનો સમય :**

તા. ૧૩-૧૨-૨૦૧૬ થી તા. ૩૧-૩-૨૦૨૨ સુધી

**પાત્ર વિસ્તાર :**

સમગ્ર રાજ્યનો વિસ્તાર

**પાત્ર વ્યક્તિ :**

મેડીકલ કાઉન્સીલ ઓફ ઈન્ડીયાનાં "એસ્ટાબ્લીસમેન્ટ ઓફ મેડીકલ કોલેજ રેગ્યુલેશન્સ, ૧૯૯૯" મુજબ તેમજ તેમાં વખતો વખત સુધારાઓ મુજબ મેડીકલ કોલેજ સ્થાપવાની યોગ્યતા ધરાવનાર

**રહાયની રકમ :**

૧. એમ.બી.બી.એસ.ની બેઠક દીઠ પ્રતિ વર્ષ મહત્તમ પાંચ વર્ષ સુધી વાર્ષિક રૂા. ૧૫ લાખની સહાય. (કુલ ૭૫ લાખ પ્રતિ બેઠક)

૨. મેડીકલ કોલેજ તેમજ સંલગ્ન હોસ્પિટલના વીજળી ખર્ચ બીલમાં વિદ્યુત શુલ્કના રીએમ્બર્સમેન્ટની રકમ સહાય પાંચ વર્ષ સુધી.

૩. "ઉચ્ચ કક્ષાના આરોગ્ય વિષયક સાધનો વસાવવા અંગેની સહાય યોજના" હેઠળ વધારાની સહાય મળવાપાત્ર.

૪. રાજ્યના મ્યુનિસિપલ કોર્પોરેશન્સના સિવાયનાં સમગ્ર રાજ્યમાં મહેસૂલ વિભાગના તા. ૬-૬-૨૦૦૩ના ઠરાવની જોગવાઈ અન્વયે જમીન પ્રવર્તમાન બજાર કિંમતના ૫૦%ના રાહત દરથી ટ્રસ્ટને મળવાપાત્ર.

**અરજી કોને કરવી :**

કમિશ્નરશ્રી, આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ, ગાંધીનગર.

**ચકાસણી ફી :**

રૂા. ૧,૦૦,૦૦૦/- નો રાષ્ટ્રિયકૃત બેંકનો ડિમાન્ડ ડ્રાફ્ટ

# ૨

# સરકારી હોસ્પિટલો ખાતે નવી સ્વ-નિર્ભર (બ્રાઉન ફીલ્ડ) મેડીકલ કોલેજોની સ્થાપના કરવા માટેની યોજના.

**યોજનાનો સમય :**

તા. ૧૩-૧૨-૨૦૧૬ થી તા. ૩૧-૩-૨૦૨૨ સુધી

**પાત્ર વિસ્તાર :**

તાપી, બનાસકાંઠા, અમરેલી, ભરૂચ, દાહોદ અને પંચમહાલ જીલ્લાઓ.

**પાત્ર વ્યક્તિ :**

મેડીકલ કાઉન્સીલ ઓફ ઈન્ડીયાનાં "એસ્ટાબ્લીસમેન્ટ ઓફ મેડીકલ કોલેજ રેગ્યુલેશન્સ, ૧૯૯૯" મુજબ તેમજ તેમાં વખતો વખત સુધારાઓ મુજબ મેડીકલ કોલેજ સ્થાપવાની યોગ્યતા ધરાવનાર.

**સહાયની રકમ :**

૧. જમીન : હાલમાં સરકારી હોસ્પિટલ ખાતે જે જમીન ઉપલબ્ધ હશે તે સમગ્ર જમીન (હોસ્પિટલ બાંધકામ સહીત) લીઝ પર આપવામાં આવશે.

૨. મકાન : નવી મેડીકલ કોલેજની સ્થાપના માટે જરૂરી ૩૦૦ પથારી ઉપલબ્ધ કરાવવા માટે ખુટતી પથારી માટે બાંધકામ કરાવી આપવામાં આવશે અથવા ખુટતી પથારી માટે માત્ર વ્યક્તિને બાંધકામ માટે સહાય મળવાપાત્ર થશે.

૩. ઈક્વીપમેન્ટ :

(૧) સરકારી હોસ્પિટલ ખાતે ઉબલબ્ધ ઈક્વીપમેન્ટસ (સીએમસી રહીત) જે સ્થિતિમાં છે તે સ્થિતિમાં મળવાપાત્ર.

(૨) "ઉચ્ચ કક્ષાના આરોગ્ય વિષયક સાધનો વસાવવા અંગેની સહાય યોજના" હેઠળ વધારાની સહાય મળવાપાત્ર.

૪. એમ.બી.બી.એસ.ની બેઠક દીઠ પ્રતિ વર્ષ મહત્તમ પાંચ વર્ષ સુધી વાર્ષિક રૂા. ૭.૫ લાખની સહાય. (કુલ ૩૭.૫ લાખ પ્રતિ બેઠક)

૫. મેડીકલ કોલેજ તેમજ સંલગ્ન હોસ્પિટલના વીજળી કર્ચ બીલમાં વિદ્યુત શુલ્કનાં રીએમ્બર્સમેન્ટની રકમ સહાય પાંચ વર્ષ સુધી.

૬. સરકારી હોસ્પિટલને સરકારશ્રી દ્વારા ફાળવવામાં આવતું અનુદાન જેટલી રકમ નિયત (Freeze) કર્યા બાદ તેટલી રકમ મળવાપાત્ર.

**અરજી કોને કરવી :**

અગ્ર સચિવશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગાંધીનગર.

**ચકાસણી ફી :**

સરકારશ્રી નક્કી કરે તે મુજબ

3

# ખાનગી ક્ષેત્રે નવી સુપર સ્પેશ્યાલીટી હોસ્પિટલ શરૂ કરવા માટેની પ્રોત્સાહક યોજના

**યોજનાનો સમય :**

તા. ૧૩-૧૨-૨૦૧૬ થી તા. ૩૧-૩-૨૦૨૨ સુધી

**પાત્ર વિસ્તાર :**

સમગ્ર રાજ્યનો વિસ્તાર

**પાત્ર વ્યક્તિ :**

ગુજરાત મેડીકલ કાઉન્સીલમાં નોંધાયેલ કોઈ પણ તજજ્ઞ તબીબ, નોંધાયેલ ભાગીદારી પેઢી અથવા કાયદા હેઠળ નોંધાયેલ સંસ્થા

**સહાયની રકમ :**

૧. તબીબી સાધનો ખરીદવા બેંક લોનની રકમના ૧૦ ટકા મુજબની રકમ મુડી સહાય (Capital Subsidy) પેટે મળવાપાત્ર. મહત્તમ મર્યાદા રૂા. ૧૦ કરોડ સુધી

૨. અધિકૃત બેંક લોન (મહત્તમ રૂા. ૪૦ કરોડની મર્યાદામાં) ઉપર ૪ ટકા સુધીના વ્યાજની રકમ મહત્તમ સાત વર્ષ સુધી મળવાપાત્ર.

૩. હોસ્પિટલનાં વીજળી ખર્ચ બીલમાં વિદ્યુત શુલ્કનાં રીએમ્બર્સમેન્ટની રકમ પાંચ વર્ષ સુધી મળવાપાત્ર.

**અરજી કોને કરવી :**

કમિશ્નરશ્રી, આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ, ગાંધીનગર.

**ચકાસણી ફી :**

રૂા. ૨૦,૦૦૦/- નો રાષ્ટ્રિયકૃત બેંકનો ડિમાન્ડ ડ્રાફ્ટ

૪

# ખાનગી અને બિન સરકારી સંસ્થાઓ દ્વારા આરોગ્ય વિષયક સેવાઓ પુરી પાડવા માટે સાધનો વસાવવા અંગેની યોજના.

**યોજનાનો સમય :**

તા.૧૩-૧૨-૨૦૧૬ થી તા.૩૧-૩-૨૦૨૨ સુધી

**પાત્ર વિસ્તાર :**

૧. ડાયગ્નોસ્ટીક સર્વિસીસ સેન્ટર : અમદાવાદ, વડોદરા, સુરત અને રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં સમાવિષ્ટ વિસ્તાર સિવાયના રાજ્યના સમગ્ર વિસ્તાર. ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સેવાભાવથી ચાલતી હોસ્પિટલ માટે રાજ્યનો સમગ્ર વિસ્તાર.

૨. બેઝિક સ્પેશ્યાલીટી હોસ્પિટલ : બે લાખ કરતાં વધુ વસ્તી ધરાવતાં શહેરો સિવાય રાજ્યનો સમગ્ર વિસ્તાર.

૩. સુપર સ્પેશ્યાલીટી હોસ્પિટલ : રાજ્યનો સમગ્ર વિસ્તાર.

**પાત્ર વ્યક્તિ :**

ગુજરાત મેડીકલ કાઉન્સીલમાં નોંધાયેલ કોઈ પણ તબીબ, નોંધાયેલ ભાગીદારી પેઢી અથવા કાયદા હેઠળ નોંધાયેલ સંસ્થા.

**પાત્ર સાધન :**

૧. ડાયગ્નોસ્ટીક સર્વિસીસ સેન્ટર : રેડીયોલોજી અને કાર્ડીયોલોજીના સાધનો.

૨. બેઝિક સ્પેશ્યાલીટી હોસ્પિટલ : એનેસ્થેશીયા, ઈ.એન.ટી., ગાયનેકોલોજી, ઓપ્થલમોલોજી, ઓર્થોપેડીક્સ, મેડીસીન, ક્રીટીકલ કેર વિષયના સાધનો.

૩. સુપર સ્પેશ્યાલીટી હોસ્પિટલ : કેન્સર, કાર્ડીયોલોજી અને કીડની વિષયના સાધનો.

**સહાયની રકમ :**

૧. ફક્ત નવા સાધનની ખરીદી માટે જ.

૨. પછાત તાલુકા સિવાય રાજ્યના સમગ્ર વિસ્તારોમાં સાધનની એકંદર ખરીદ કિંમતનાં ૨૦% જેટલી રકમ.

૩. રાજ્યના પછાત તાલુકાનાં વિસ્તારો માટે સાધનની એકંદરે ખરીદ કિંમતનાં ૩૦% જેટલી રકમ.

૪. સાધનો વાપરવા, જાળવવા તેમજ જમીન અથવા મકાન માટે બીજી કોઈ પણ પ્રકારની સહાય મળશે નહીં.

**અરજી કોને કરવી :**

સંબંધિત જિલ્લાનાં મુખ્ય જિલ્લા તબીબી અધિકારીશ્રી (સી.ડી.એમ.ઓ.)

**ચકાસણી ફી :**

સુચિત સાધનની કિંમતના ૧ ટકા મુજબ લઘુત્તમ રૂા. ૫,૦૦૦/- અને મહત્તમ રૂા. ૨૦,૦૦૦/-નો રાષ્ટ્રિયકૃત બેંકનો ડિમાન્ડ ડ્રાફ્ટ

# અરજી કરવાની પદ્ધતિ

| ક્રમ | યોજનાનું નામ | કોને અરજી કરવાની | ચકાસણી ફી |
|---|---|---|---|
| ૧ | નવી સ્વ-નિર્ભર (ગ્રીન ફીલ્ડ) મેડીકલ કોલેજ શરૂ કરવા માટે | કમિશ્નરશ્રી, આરોગ્ય,તબીબી સેવાઓ અને તબીબ શિક્ષણ, ગાંધીનગર. | રૂા. ૧,૦૦,૦૦૦/- સરકારશ્રીની તરફેણમાં રાષ્ટ્રીયકૃત બેંકનો ડી.ડી. |
| ૨ | નવી સ્વ-નિર્ભર (બ્રાઉન ફીલ્ડ) મેડીકલ કોલેજ શરૂ કરવા માટે | અગ્ર સચિવશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, બ્લોક નં. ૭/૭, નવા સચિવાલય, ગાંધીનગર. | સરકારશ્રી નક્કી કરે તે મુજબ |
| ૩ | નવી સુપર સ્પેશ્યાલીટી હોસ્પિટલ શરૂ કરવા માટે | કમિશ્નરશ્રી, આરોગ્ય અને તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ, ગાંધીનગર. | રૂા. ૨૦,૦૦૦/- નો સરકારશ્રીની તરફેણમાં રાષ્ટ્રીયકૃત બેંકનો ડી.ડી. |
| ૪ | આરોગ્ય વિષયક સેવાઓ માટે સાધનો વસાવવા માટે | સંબંધિત જીલ્લાના મુખ્ય જિલ્લા તબીબી અધિકારીશ્રી | સુચિત સાધનની કિંમતના ૧ ટકા મુજબ લઘુત્તમ રૂા. ૫,૦૦૦/- અને મહત્તમ ૨૦,૦૦૦/- સરકારશ્રીની તરફેણમાં રાષ્ટ્રીયકૃત બેંકનો ડી.ડી. |

**અન્ય શરતો :**

- નવી મેડીકલ કોલેજ શરૂ કરવા માટે લાભાર્થી સંસ્થાએ મેડીકલ કાઉન્સીલ ઓફ ઈન્ડીયા અને ભારત સરકાર અને રાજ્ય સરકારના નીતિ-નિયમોનું પાલન કરવાનું રહેશે.
- નવી મેડીકલ કોલેજોમાં ફીનું ધોરણ અને પ્રવેશ નિયંત્રણ ગુજરાત પ્રોફેશનલ મેડીકલ એજ્યુકેશનલ કોલેજીસ ઓર ઈન્સ્ટીટ્યુશન્સ (ફી નિર્ધારણ અને પ્રવેશ નિયંત્રણ) એક્ટ-૨૦૦૭ મુજબ રહેશે.
- સરકારશ્રીના નિયમોનુસારની યોગ્ય લાયકાત ધરાવતાં મેડીકલ, પેરામેડીકલ, નર્સીંગ, વહીવટી વગેરે શૈક્ષણિક તેમજ બિન શૈક્ષણિક સ્ટાફની નિમણુંક કરવાની રહેશે.
- સુપર સ્પેશ્યાલીટી હોસ્પિટલ સાત વર્ષ સુધી ચલાવવાની રહેશે.
- આ યોજનામાં વસાવેલ સાધનો પાંચ વર્ષ સુધી ચાલુ હાલતમાં જાળવવાના રહેશે.
- લાભાર્થી સંસ્થાએ મળેલ સહાયનો અન્ય કોઈ હેતુ માટે ઉપયોગ કરી શકશે નહીં.

# રાજ્યમાં નવી સ્વ-નિર્ભર (ગ્રીન ફીલ્ડ) મેડીકલ કોલેજો સાથે અત્યાધુનિક સુવિધાવાળી ઉચ્ચ કક્ષાની હોસ્પિટલોની સ્થાપના કરવા માટેની પ્રોત્સાહક યોજના.

ગુજરાત સરકાર,
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ,
ઠરાવ ક્રમાંક : એમસીજી-૨૦૧૫-એસએફએસ-૭-જ
સચિવાલય, ગાંધીનગર.
તારીખ : ૧૩-૧૨-૨૦૧૬

**વંચાણે લીધો :**

કમિશ્નરશ્રી, આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણની કચેરીની સીંગલ ફાઈલ સીસ્ટમ ઉપર તા. ૨૫-૧-૨૦૧૬નીં નોંધથી મળેલ દરખાસ્ત.

**પ્રાસ્તાવિક :**

રાજ્યમાં આવેલ સરકારી તેમજ ખાનગી હોસ્પિટલો ખાતે જરૂરી એમ.બી.બી.એસ. તબીબોની સેવાઓ ઉપલબ્ધ કરવા માટે જરૂરી માનવ શક્તિની માંગણીને સંતોષવા તબીબી શિક્ષણનો ફાળો મહત્વનો રહેલ છે. રાજ્યમાં નોંધાયેલ તબીબી સ્નાતકોની સંખ્યા હાલમાં દર બે હજારની વસ્તીએ એકની છે, તેમાં વધારો કરી દર એક હજારની વસ્તીએ એક તબીબ મળી રહે તેવો રાજ્ય સરકારનો અભિગમ છે.

રાજ્ય સરકારે ૨૦૦૧ ના વર્ષથી સ્વ-નિર્ભરના ધોરણે અગિયાર (૧૧) મેડીકલ કોલેજોની સ્થાપના કરી તબીબી સ્નાતકોની સંખ્યા નોંધપાત્ર રીતે વધારેલ છે. આમ છતાં, મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ અન્ય રાજ્યની સંસ્થાઓમાં પ્રવેશ મેળવે છે અને રાજ્યમાં ખાસ અંતરીયાળ અને ગ્રામીણ વિસ્તારોમાં ડોક્ટરોની ઉણપ દેખાય છે. ઉપરાંત છેલ્લા પંદરેક વર્ષના અનુભવના આધારે રાજ્ય સરકારને પ્રતીતિ થઈ છે કે રાજ્યમાં તબીબી શિક્ષણના વિકાસના ક્ષેત્રે સ્વ-નિર્ભર મેડીકલ કોલેજોને વધુ પ્રોત્સાહન આપી તેમને તબીબી શિક્ષણ ક્ષેત્રે જોડાવાની તાતી જરૂરિયાત છે.

તબીબી શિક્ષણ એ એક ઉભરતું ક્ષેત્ર છે. દેશના અન્ય રાજ્યોની સરખામણીમાં રાજ્યના યુવાધનને પોતાના રાજ્યમાં જ તબીબી શિક્ષણની ઉત્તમ સુવિધા મળી રહે અને રાજ્યમાં ડોક્ટર્સની અછત નિવારી શકાય તે હેતુસર નવી (ગ્રીન ફીલ્ડ) મેડીકલ કોલેજો સ્વ-નિર્ભર ધોરણે શરૂ કરવા પ્રોત્સાહન આપવા અંગે રાજ્ય સરકારનો અભિગમ રહેલ છે.

રાજ્યમાં નવી સ્વ-નિર્ભર મેડીકલ કોલેજો (ગ્રીન ફીલ્ડ) સાથે અત્યાધુનિક સુવિધાવાળી હોસ્પિટલોની સ્થાપના માટે કાયદા હેઠળ ખાનગી, અર્ધ સરકારી અને સ્વાયત્ત સંસ્થાઓને સહાય આપવા અંગેની નવી નીતિ નિર્ધારણ માટેની બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

**ઠરાવ :**

આ બાબતે પુખ્ત વિચારણાના અંતે, નીચે જણાવ્યા મુજબની શરતોને આધિન રાજ્યમાં નવી સ્વ-નિર્ભર (ગ્રીન ફીલ્ડ) મેડીકલ કોલેજો સાથે અત્યાધુનિક સુવિધાવાળી હોસ્પિટલોની સ્થાપના માટે સહાય આપવાનું આથી ઠરાવવામાં આવે છે.

૧.૧ **યોજનાનું નામ :** આ યોજના "રાજ્યમાં નવી સ્વ-નિર્ભર (ગ્રીન ફીલ્ડ) મેડીકલ કોલેજની સ્થાપના કરવા માટેની પ્રોત્સાહક યોજના" તરીકે ઓળખાશે.

૧.૨ **યોજનાનો સમય :** આ ઠરાવ પ્રસિદ્ધ કર્યા તારીખથી તા. ૩૧-૩-૨૦૨૨ સુધી આ યોજના અમલમાં રહેશે. આ યોજનાનો સમય સમાપ્ત થતા પહેલાં એટલે કે, તા. ૩૧-૩-૨૦૨૨ પહેલા નવી સ્વ-નિર્ભર (ગ્રીન ફીલ્ડ) મેડીકલ કોલેજ કાર્યરત કરવામાં આવેલ હોય તેવી નવી સ્વ-નિર્ભર (ગ્રીન ફીલ્ડ) મેડીકલ કોલેજને જ સહાય ચૂકવવા પાત્ર થશે. આ ઠરાવની તારીખ પહેલા શરૂ થયેલ મેડીકલ કોલેજ આ યોજના હેઠળ સહાયને પાત્ર થશે નહીં.

**૨. વ્યાખ્યા :**

૨.૧ **નવી સ્વ-નિર્ભર (ગ્રીન ફીલ્ડ) મેડીકલ કોલેજ :** મેડીકલ કાઉન્સીલ ઓફ ઈન્ડીયાનાં ધારાધોરણો મુજબ નવી સ્વ-નિર્ભર (ગ્રીન ફીલ્ડ) મેડીકલ કોલેજ સ્થાપવામાં આવે તો તે નવી સ્વ-નિર્ભર (ગ્રીન ફીલ્ડ) મેડીકલ કોલેજ ગણાશે.

**૩. પાત્ર વિસ્તાર :**

નવી સ્વ-નિર્ભર (ગ્રીન ફીલ્ડ) મેડીકલ કોલેજ માટે સમગ્ર રાજ્યનો વિસ્તાર સહાય મેળવવા પાત્ર વિસ્તાર ગણાશે.

**૪. પાત્ર વ્યક્તિ :** મેડીકલ કાઉન્સીલ ઓફ ઈન્ડીયાનાં "એસ્ટાબ્લીસમેન્ટ ઓફ મેડીકલ કોલેજ રેગ્યુલેશન્સ, ૧૯૯૯" મુજબ તેમજ તેમાં વખતો વખત સુધારાઓ મુજબ મેડીકલ કોલેજ સ્થાપવાની યોગ્યતા ધરાવનાર સંસ્થાઓ આ સહાયનાં હેતુસર પાત્ર વ્યક્તિ ગણાશે.

**૫. સહાયની રકમ :**

૫.૧ આ સહાય મેડીકલ કાઉન્સીલ ઓફ ઈન્ડીયાના ધારાધોરણો મુજબ એમ.બી.બી.એસ. અભ્યાસક્રમ માટે નવી સ્વ-નિર્ભર (ગ્રીન ફીલ્ડ) મેડીકલ કોલેજની સ્થાપનાના હેતુસર જ છે.

૫.૨ મેડીકલ કાઉન્સીલ ઓફ ઈન્ડીયા / ભારત સરકાર દ્વારા નવી સ્વ-નિર્ભર (ગ્રીન ફીલ્ડ) મેડીકલ કોલેજ શરૂ કરવા માટેનો મંજૂરીનો પત્ર (એલ.ઓ.પી.) મળેલ હોય તે પાત્ર વ્યક્તિને પ્રથમ વર્ષ એમ.બી.બી.એસ.ની પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ થયેથી મંજૂર બેઠકોની સંખ્યાને ધ્યાને લેતાં બેઠક દીઠ રૂા. ૧૫ લાખની સહાય મળવાપાત્ર થશે. ત્યારબાદ દર વર્ષે મેડીકલ કાઉન્સીલ ઓફ ઈન્ડીયા / ભારત સરકાર દ્વારા રીન્યુઅલ મંજુરી મળેથી મંજુર બેઠક દીઠ રૂા. ૧૫ લાખની સહાય જે તે વર્ષ માટે મળવાપાત્ર થશે. આ સહાય નવી સ્વ-નિર્ભર (ગ્રીન ફીલ્ડ) મેડીકલ કોલેજ શરૂ થયેથી પાંચ વર્ષ સુધી જ મળવાપાત્ર થશે. પાંચ વર્ષ પછી કોઈ પણ પ્રકારની સહાય આ યોજના હેઠળ મળવાપાત્ર થશે નહીં.

૫.૩ મેડીકલ કાઉન્સીલ ઓફ ઈન્ડીયા / ભારત સરકાર દ્વારા મંજૂરીનો પત્ર (એલ.ઓ.પી.) મળ્યા બાદ પ્રવેશ મેળવેલ પ્રથમ વર્ષ એમ.બી.બી.એસ.ના વિદ્યાર્થીઓનું શૈક્ષણિક કાર્ય શરૂ થયેલ હોય તે માસથી શરૂ કરીને પાંચ વર્ષ સુધી મેડીકલ કોલેજ તેમજ સંલગ્ન હોસ્પિટલના વીજળી ખર્ચ બીલમાં વિદ્યુત શુલ્કના રીએમ્બર્સમેન્ટની રકમ સહાય પેટે મળવાપાત્ર થશે. આ સહાયની રકમ દર ત્રણ મહીને ચુકવવામાં આવશે.

૫.૪ રાજ્ય સરકારની "ઉચ્ચ કક્ષાના આરોગ્ય વિષયક સાધનો વસાવવા અંગેની સહાય યોજના" હેઠળ વધારાની સહાયની રકમ પણ મળવાપાત્ર થશે અને તે માટે અલગથી સક્ષમ સત્તાધિકારીને અરજી કરવાની થશે. પરંતુ મેડીકલ કોલેજની સ્થાપના કરનાર સંસ્થાએ "સુપર સ્પેશ્યાલીટી હોસ્પિટલના સ્થાપના અંગેની સહાય યોજના" હેઠળ સહાય લીધેલ હોય તો તેમણે "ઉચ્ચ કક્ષાના આરોગ્ય વિષયક સાધનો વસાવવા અંગેની સહાય યોજના" હેઠળ સહાય મળવા પાત્ર થશે નહીં. આ યોજના હેઠળ સહાય મેળવનાર સંસ્થા સહાય મેળવવાની શરૂઆત કર્યા પછી "સુપર સ્પેશ્યાલીટી હોસ્પિટલની સ્થાપના અંગેની સહાય યોજના" અંગેની સહાય મેળવી શકશે નહીં.

૫.૫ રાજ્યના મ્યુનિસિપલ કોર્પોરેશન્સ સિવાયના સમગ્ર રાજ્યમાં કાયદા નીચે નોંધાયેલ સાર્વજનિક ટ્રસ્ટોને આ યોજનાના હેતુ માટે, જમીનની ઉપલબ્ધતા હોવાની શરતે, સરકારશ્રીના મહેસુલ વિભાગના બિન ખેતીના હેતુ માટે સરકારી પડતર જમીન આપવા બાબતના તા. ૬-૬-૨૦૦૩ના ઠરાવની જોગવાઈ ધ્યાને લઈ ઉચ્ચ તબીબી શૈક્ષણિક સંસ્થાઓ માટે ભારત સરકારના સંબંધિત કાઉન્સીલ દ્વારા જમીનનું જે ન્યૂનત્તમ ધોરણ નક્કી કરવામાં આવ્યુ છે તેટલી જમીન પ્રવર્તમાન બજાર કિંમતના ૫૦% ના રાહત દરથી ફાળવવામાં આવશે આ પ્રમાણ કરતા વધુ પ્રમાણની માંગણીના કિસ્સામાં જમીન બજાર કિંમતના ૧૦૦% ના દરે ફાળવવામાં આવશે.

## ૬. શરતો :

૬.૧ લાભાર્થી સંસ્થાને નિયત સહાય રકમ આપ્યા પછી આવર્તક ખર્ચની રકમ પેટે કોઈ રકમ આપવામાં આવશે નહીં. નવી સ્વનિર્ભર મેડીકલ કોલેજ શરૂ કર્યાની શરૂઆતથી આવર્તક રકમના ખર્ચની જવાબદારી સંબંધિત સંસ્થાએ નિભાવવાની રહેશે.

૬.૨ જમીન અને બીલ્ડીંગ, સાધનો, ફર્નિચર, મેઈન્ટેનન્સ અને રીપેરીંગનાં ખર્ચ પેટે કરવામાં આવેલ ખર્ચ સહાય માટે પાત્ર થશે નહીં.

૬.૩ આ પ્રોત્સાહક યોજના હેઠળ શરૂ કરેલ નવી સ્વ-નિર્ભર મેડીકલ કોલેજ મેડીકલ કાઉન્સિલ ઓફ ઈન્ડીયા (એમ.સી.આઈ.), ભારત સરકાર અને રાજ્ય સરકારના નીતિ-નિયમોનું પાલન કરવાનું રહેશે.

૬.૪ લાભાર્થી સંસ્થાએ મેડીકલ કાઉન્સીલ ઓફ ઈન્ડીયાના ધારાધોરણ અને બીજી કાયદાકીય જોગવાઈઓ મુજબ યોગ્ય લાયકાત અને અનુભવ ધરાવતા મેડીકલ, પેરા-મેડીકલ, નર્સીંગ, વહીવટી, વિગેરે શૈક્ષણિક અને બિન શૈક્ષણિક સ્ટાફ ઉપલબ્ધ કરાવવાનો રહેશે.

૬.૫ લાભાર્થી સંસ્થા મળેલ સહાયનો અન્ય કોઈ હેતુ માટે ઉપયોગ કરી શકશે નહીં.

૬.૬ મેડીકલ કાઉન્સીલ ઓફ ઈન્ડીયાના ધારાધોરણ મુજબ નવી સ્વ-નિર્ભર મેડીકલ કોલેજની સ્થાપના કરીને શરૂ કરવા માટેની જરૂરી કાયદાકીય પૂર્તતા/મંજૂરી અંગેની જવાબદારી લાભાર્થી સંસ્થાની રહેશે.

૬.૭ આ પ્રોત્સાહક યોજના હેઠળ શરૂ કરવાની નવી સ્વ-નિર્ભર મેડીકલ કોલેજોમાં ફીનું ધોરણ અને પ્રવેશ નિયંત્રણ, ગુજરાત પ્રોફેશનલ મેડીકલ એજ્યુકેશનલ કોલેજીસ ઓફ ઈન્સ્ટીટ્યુશન્સ એક્ટ, ૨૦૦૭ મુજબ રહેશે.

૬.૮ લાભાર્થી સંસ્થાએ રાજ્ય સરકારની પ્રવર્તમાન નીતિ અનુસાર બેંક ગેરંટી અને ઈન્ડેમ્નીટી બોન્ડ આપવાનું રહેશે.

૬.૯ આ યોજના હેઠળ સહાય મેળવનાર પાત્ર વ્યક્તિએ નવી સ્વનિર્ભર (ગ્રીન ફીલ્ડ) મેડીકલ કોલેજ શરૂ થયેથી દશ વર્ષ સુધી ચાલુ રાખવાની રહેશે.

૬.૧૦ આ ઠરાવ હેઠળની કોઈ પણ શરતનો ભંગ લાભાર્થી / પાત્ર વ્યક્તિ કરશે તો તેમને મેળવેલ સહાય પરત ચુકવવાની રહેશે અન્યથા ચૂકવેલ સહાયની રકમ જમીન મહેસૂલનાં લેણાં તરીકે પરત વસુલ કરવામાં આવશે.

૬.૧૧ સરકારશ્રીના મહેસુલ વિભાગના તા. ૬-૬-૨૦૦૩ના ઠરાવ ક્રમાંક જમન/૩૯૨૦૦૩/૪૫૪/અ ની જોગવાઈ મુજબ જમીન ફાળવી શકાશે.

૬.૧૨ આ યોજના અન્વયે લાભ મેળવનાર હોસ્પિટલ દ્વારા "મા-અમૃતમ યોજના" માં સામેલ થવાનું રહેશે.

૬.૧૩ આ ઠરાવમાં નિયત કરાયેલ તમામ શરતો અને જોગવાઈનો અમલ કરવા માટે લાભાર્થી / પાત્ર વ્યક્તિએ રૂા. ૧૦૦ના સ્ટેમ્પ પેપર ઉપર બાંહેધરી ખત આ સાથેના પરિશિષ્ટ મુજબ આપવાનું રહેશે.

**૭. પદ્ધતિ :**

૭.૧ લાભાર્થી સંસ્થાએ આ પ્રોત્સાહક યોજના હેઠળ નવી સ્વ-નિર્ભર (ગ્રીન ફીલ્ડ) મેડીકલ કોલેજ શરૂ કરવા કમિશ્નરશ્રી, આરોગ્ય, તબીબી સેવા અને તબીબી શિક્ષણ, ગાંધીનગરને અરજી કરવાની રહેશે.

૭.૨ અરજદારે અરજી સાથે ચકાસણી ફીની રકમ અધિક નિયામકશ્રી, તબીબી શિક્ષણ અને સંશોધન, ગાંધીનગરની તરફેણમાં રાષ્ટ્રિયકૃત બેંકના ડીમાન્ડ ડ્રાફ્ટ સ્વરૂપે ભરવાની રહેશે. આ ચકાસણી ફીની રકમ રૂા. ૧,૦૦,૦૦૦/ રહેશે.

૭.૩ કમિશ્નરશ્રી, આરોગ્ય, તબીબી સેવા અને તબીબી શિક્ષણની કચેરી મળેલ અરજી અને દસ્તાવેજોની ચકાસણી કરશે અને નવી સ્વ-નિર્ભર (ગ્રીન ફીલ્ડ) મેડીકલ કોલેજ માટે લાભાર્થી / પાત્ર વ્યક્તિની દરખાસ્તની નોંધણી કરશે.

૭.૪ લાભાર્થી / પાત્ર વ્યક્તિએ મંજુર કરાયેલ નોંધણી મુજબ નવી સ્વ-નિર્ભર (ગ્રીન ફીલ્ડ) મેડીકલ કોલેજ કાર્યરત થયે સહાય મેળવવા માટે નિયત નમુનામાં જરૂરી દસ્તાવેજો સાથે કમિશ્નરશ્રી, આરોગ્ય, તબીબી સેવા અને તબીબી શિક્ષણની કચેરીને અરજી કરવાની રહેશે.

૭.૫ યોજના હેઠળની સહાય મેળવવા મળેલ અરજીની ખરાઈ કરવા સક્ષમ સત્તાધિકારી : રાજ્ય કક્ષાની સમિતિ તાંત્રિક જૂથની રચના કરશે.

૭.૬ તાંત્રિક જૂથ નવી સ્વ-નિર્ભર (ગ્રીન ફીલ્ડ) મેડીકલ કોલેજ અને સંલગ્ન હોસ્પિટલ સંકુલની સ્થળ મુલાકાત લઈ વિગતવાર ભૌતિક ચકાસણી કરશે અને સહાય ચુકવવા માટે સક્ષમ સત્તાઅધિકારી સમિતિની વિચારણા માટે અહેવાલ રજુ કરશે.

૭.૭ સક્ષમ સત્તાધિકારી એટલે કે રાજ્ય કક્ષાની સમિતિ મળેલ અહેવાલ પર વિચારણા કરી લાભાર્થી / પાત્ર વ્યક્તિને સહાય મંજૂર કરશે.

## ૮. રાજ્ય કક્ષાની સમિતિ :

લાભાર્થી / પાત્ર વ્યક્તિને સહાયની મંજૂરી અને મળેલ દરખાસ્તની ચકાસણી માટે રાજ્ય કક્ષાની સમિતિની રચના કરવામાં આવશે. આ સમિતિમાં નીચે મુજબના સભ્યો રહેશે.

| | |
|---|---|
| અધિક મુખ્ય સચિવ / અગ્રસચિવ / સચિવ (ત.શિ.ત.સે.) આરોગ્ય વિભાગ | ચેરમેન |
| અધિક મુખ્ય સચિવ / અગ્ર સચિવ / સચિવ, નાણાં વિભાગ | સભ્ય |
| અધિક મુખ્ય સચિવ / અગ્ર સચિવ / સચિવ, શિક્ષણ વિભાગ | સભ્ય |
| કમિશ્નર, આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ | સભ્ય |
| ડીન / તબીબી અધિક્ષક, મેડીકલ કોલેજ / સંલગ્ન હોસ્પિટલથી ઉતરતી કક્ષાના નહીં તેવા બે સરકારીશ્રી દ્વારા નિયુક્ત કરાયેલ | સભ્ય |
| અધિક નિયામક (તબીબી શિક્ષણ) | સભ્ય સચિવ |
| તબીબી શિક્ષણ, સંશોધન અથવા તબીબી ક્ષેત્રની નામાંકિત વ્યક્તિ | આમંત્રિત સભ્ય |
| વિષય નિષ્ણાંત (ચેરમેનશ્રી દ્વારા નિયુક્ત કરાયેલ) | આમંત્રિત સભ્ય |
| વિષય નિષ્ણાંત (તાંત્રિક જૂથમાં નિયુક્ત કરાયેલ) | આમંત્રિત સભ્ય |

નવી સ્વ-નિર્ભર (ગ્રીન ફીલ્ડ) મેડીકલ કોલેજ શરૂ કરવા પારા ૫.૨. મુજબની સહાય મંજૂર કરવાની સત્તા આ સમિતિ ધરાવશે. આ સમિતિ ભૌતિક નિરીક્ષણ માટે તાંત્રિક જૂથની રચના કરવાની પણ સત્તા ધરાવશે.

મેડીકલ કોલેજ તેમજ સંલગ્ન હોસ્પિટલ મકાનના વીજળી ખર્ચ બીલમાં વિદ્યુત શુલ્કના રીએમ્બર્સમેન્ટની રકમ એટલે કે પારા ૫.૩ મુજબની સહાય મંજુરી માટેના સત્તાધિકારી સરકારશ્રી આલાયદી રીતે નક્કી કરશે.

આ ઠરાવની જોગવાઈઓનું અર્થઘટન કરવાની સત્તા સરકારશ્રી ધરાવશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણા વિભાગની તા. ૧-૧૨-૨૦૧૬ની નોંધથી મળેલ અનુમતી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**(વી. જી. વણઝારા)**
સંયુક્ત સચિવ,
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ.

# આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા. ૧૩/૧૨/૨૦૧૬ના ઠરાવ ક્રમાંક : એમસીજી-૨૦૧૫-એસએફએસ-૭-જ, નું બિડાણ :

## પરિશિષ્ટ

## બાંહેધરી ખત

૧. હું સત્યનિષ્ઠાપૂર્વક એકરાર કરૂં છું કે, ખાનગી અને સ્વૈચ્છિક સંસ્થા ક્ષેત્રે નવી સ્વ-નિર્ભર (ગ્રીન ફીલ્ડ) મેડીકલ કોલેજ શરૂ કરવા માટેની યોજના હેઠળ સહાય મેળવવા માટેની અરજી આપેલી માહિતી મારી સંપૂર્ણ જાણ અને માન્યતા પ્રમાણે સાચી છે.

૨. નવી સ્વ-નિર્ભર (ગ્રીન ફીલ્ડ) મેડીકલ કોલેજ શરૂ કરવા માટેની યોજના હેઠળ સહાયની મળેલ મંજુરી પત્ર ક્રમાંક : ..................................................................................... તા. .............................. અને સરકારી ઠરાવ ક્રમાંક : એમસીજી/૨૦૧૫/એસએફએસ-૭/જ, તા.૧૩-૧૨-૨૦૧૬માં જણાવેલ શરતો અને જોગવાઈઓનું પાલન કરવા હું બંધન કર્તા છું. આ શરતો પૈકી કોઈ પણ શરતનો ભંગ યોજના હેઠળ મારી મંજુરી થયેલ દરખાસ્તની જોગવાઈઓના ભંગ સમાન ગણાશે અને હું / અમો માંગણી થયેથી અમોને ચુકવેલ સહાયની એકંદર ચુકવાયેલ રકમ સરકારને પરત ચુકવવા બાહેંધરી આપું છું.

૩. નીચે જણાવેલ શરતો અમોને બંધનકર્તા રહેશે.

(૧) લાભાર્થી સંસ્થાને નિયત સહાય રકમ આપ્યા પછી આવર્તક ખર્ચની રકમ પેટે કોઈ રકમ આપવામાં આવશે નહીં. નવી સ્વ-નિર્ભર મેડીકલ કોલેજ શરૂ કર્યાની શરૂઆતથી આવર્તક રકમના ખર્ચની જવાબદારી સંબંધિત સંસ્થાએ નિભાવવાની રહેશે.

(૨) જમીન અને બિલ્ડીંગ, સાધનો, ફર્નિચર, મેઈન્ટેનન્સ અને રીપેરીંગના ખર્ચ પેટે કરવામાં આવેલ ખર્ચ સહાય માટે પાત્ર થશે નહી.

(૩) આ પ્રોત્સાહન યોજના હેઠળ શરૂ કરેલ નવી સ્વ-નિર્ભર મેડીકલ કોલેજે મેડીકલ કાઉન્સિલ ઓફ ઈન્ડીયા (એમ.સી.આઈ.), ભારત સરકાર અને રાજ્ય સરકારના નીતિ-નિયમોનું પાલન કરવાનું રહેશે.

(૪) લાભાર્થી સંસ્થાએ મેડીકલ કાઉન્સીલ ઓફ ઈન્ડીયાના ધારાધોરણ અને બીજી કાયદાકીય જોગવાઈઓ મુજબ યોગ્ય લાયકાત અને અનુભવ ધરાવતા મેડીકલ, પેરા-મેડીકલ, નર્સિંગ, વહીવટી, વિગેરે શૈક્ષણિક અને બિન-શૈક્ષણિક સ્ટાફ ઉપલબ્ધ કરાવવાનો રહેશે.

(૫) લાભાર્થી સંસ્થા મળેલ સહાયનો અન્ય કોઈ હેતુ માટે ઉપયોગ કરી શકશે નહીં.

(૬) મેડીકલ કાઉન્સીલ ઓફ ઈન્ડીયાના ધારા ધોરણ મુજબ નવી સ્વ-નિર્ભર મેડીકલ કોલેજની સ્થાપના કરીને શરૂ કરવા માટેની જરૂરી કાયદાકીય પૂર્તતા / મંજૂરી અંગેની જવાબદારી લાભાર્થી સંસ્થાની રહેશે.

(૭) આ પ્રોત્સાહક યોજના હેઠળ શરૂ કરવાની નવી સ્વ-નિર્ભર મેડીકલ કોલેજોમાં ફીનું ધોરણ અને પ્રવેશ નિયંત્રણ ગુજરાત પ્રોફેશનલ મેડીકલ એજ્યુકેશનલ કોલેજીસ ઓર ઈન્સ્ટીટ્યુશન્સ એક્ટ, ૨૦૦૭ મુજબ રહેશે.

(૮) લાભાર્થી સંસ્થાએ રાજ્ય સરકારની પ્રવર્તમાન નીતિ અનુસાર બેંક ગેરંટી અને ઈન્ડેમ્નીટી બોન્ડ આપવાનું રહેશે.

(૯) આ યોજના હેઠળ સહાય મેળવનાર પાત્ર વ્યક્તિ "સુપર સ્પેશ્યાલીટી હોસ્પિટલની સ્થાપના અંગેની સહાય યોજના" હેઠળ સહાય મેળવી શકશે નહીં.

(૧૦) આ યોજના હેઠળ સહાય મેળવનાર પાત્ર વ્યક્તિએ નવી સ્વ-નિર્ભર (ગ્રીન ફીલ્ડ) મેડીકલ કોલેજ શરૂ થયેથી દશ વર્ષ સુધી ચાલુ રાખવાની રહેશે.

(૧૧) આ ઠરાવ હેઠળની કોઈ પણ શરતનો ભંગ લાભાર્થી / પાત્ર વ્યક્તિ કરશે તો તેમને મેળવેલ સહાય પરત ચુકવવાની રહેશે. અન્યથા ચૂકવેલ સહાયની રકમ જમીન મહેસૂલનાં લેણાં તરીકે પરત વસુલ કરવામાં આવશે.

૪. હું પ્રમાણિત અને જાહેર કરૂં છું કે,

(૧) મેં / અમોએ આ અરજીમાં દાવો કરાયેલ સેટઅપ પર કોઈ પણ પ્રકારની સહાય કે સબસીડી પેટે કોઈ રકમ રાજ્ય સરકાર પાસેથી મેળવેલ નથી.

(૨) હું / અમો આ અરજીમાં દાવો કરાયેલ સેટઅપની સુવિધા પસંદગી પાત્ર વિસ્તાર અને સ્થળ પૂરતી જ મર્યાદિત રાખી સહાય મેળવવા બાંહેધરી આપીએ છીએ અને આ સુવિધા ઓછામાં ઓછા ૧૦ વર્ષ સુધી જાળવીશું.

(૩) યોગ્ય લાયકાત અને અનુભવ ધરાવતા મેડીકલ, પેરામેડીકલ, નર્સિંગ, તથા વહીવટી સ્ટાફની નિમણૂંક કરીશું.

(૪) આ સેટઅપની સુવિધા પૂરી પાડવા માટેની જરૂરી કાયદાકીય પૂર્તતા / મંજૂરી મેળવવાની જવાબદારી અમોની / સંસ્થાની રહેશે.

**સ્થળ :**

**તારીખ :**

**સહી**

**અધિકૃત વ્યક્તિનું નામ તથા સરનામું**

**કંપનીનો સિક્કો**

# રાજ્યમાં સરકારી હોસ્પિટલો ખાતે નવી સ્વ-નિર્ભર (બ્રાઉન ફીલ્ડ) મેડીકલ કોલેજોની સ્થાપના કરવા માટેની પ્રોત્સાહક યોજના.

ગુજરાત સરકાર,
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ,
ઠરાવ ક્રમાંક : એમસીજી-૧૦૧૬-એસએફએસ-૧૫૧-જ
સચિવાલય, ગાંધીનગર.
તારીખ : ૧૩-૧૨-૨૦૧૬

**વંચાણે લીધો :**

કમિશ્નરશ્રી, આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણની કચેરીની સીંગલ ફાઈલ સીસ્ટમ હેઠળ તા.૮-૧૧-૨૦૧૬ની નોંધથી મળેલ દરખાસ્ત.

**પ્રાસ્તાવિક :**

રાજ્યમાં આવેલ સરકારી તેમજ ખાનગી હોસ્પિટલો ખાતે જરૂરી એમ.બી.બી.એસ. તબીબોની સેવાઓ ઉપલબ્ધ કરવા માટે જરૂરી માનવ શક્તિની માંગણીને સંતોષવા તબીબી શિક્ષણનો ફાળો મહત્વનો રહેલ છે. રાજ્યમાં નોંધાયેલ તબીબી સ્નાતકોની સંખ્યા હાલમાં દર બે હજારની વસ્તીએ એકની છે, તેમાં વધારો કરી દર એક હજારની વસ્તીએ એક તબીબ મળી રહે તેવો રાજ્ય સરકારનો અભિગમ છે.

રાજ્ય સરકારે ૨૦૦૧ ના વર્ષથી સ્વ-નિર્ભરના ધોરણે અગિયાર (૧૧) મેડીકલ કોલેજોની સ્થાપના કરી તબીબી સ્નાતકોની સંખ્યા નોંધપાત્ર રીતે વધારેલ છે. આમ છતાં, મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ અન્ય રાજ્યની સંસ્થાઓમાં પ્રવેશ મેળવે છે અને રાજ્યમાં ખાસ અંતરીયાળ અને ગ્રામીણ વિસ્તારોમાં ડોક્ટરોની ઉણપ દેખાય છે. ઉપરાંત છેલ્લા પંદરેક વર્ષના અનુભવના આધારે રાજ્ય સરકારને પ્રતીતિ થઈ છે કે રાજ્યમાં તબીબી શિક્ષણના વિકાસના ક્ષેત્રે સ્વ-નિર્ભર મેડીકલ કોલેજોને વધુ પ્રોત્સાહન આપી તેમને તબીબી શિક્ષણ ક્ષેત્રે જોડાવાની તાતી જરૂરિયાત છે.

તબીબી શિક્ષણ એ એક ઉભરતું ક્ષેત્ર છે. દેશના અન્ય રાજ્યોની સરખામણીમાં રાજ્યના યુવાધનને પોતાના રાજ્યમાં જ તબીબી શિક્ષણની ઉત્તમ સુવિધા મળી રહે અને રાજ્યમાં ડોક્ટર્સની અછત નિવારી શકાય તે હેતુસર નવી (બ્રાઉન ફીલ્ડ) મેડીકલ કોલેજો શરૂ કરવા પ્રોત્સાહન આપવા અંગે રાજ્ય સરકારનો અભિગમ રહેલ છે.

રાજ્યમાં પછાત અને આદિજાતિ વિસ્તારોની સરકારી હોસ્પિટલોને અપગ્રેડ કરી નવી સ્વ-નિર્ભર મેડીકલ કોલેજો (બ્રાઉન ફીલ્ડ) સાથે અત્યાધુનિક સુવિધાવાળી હોસ્પિટલોની સ્થાપના માટે નવી નીતિ નિર્ધારણ માટેની બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

**ઠરાવ :**

આ બાબતે પુખ્ત વિચારણાના અંતે, નીચે જણાવ્યા મુજબની શરતોને આધિન રાજ્યમાં સરકારી હોસ્પિટલોને અપગ્રેડ કરીને નવી સ્વ-નિર્ભર (બ્રાઉન ફીલ્ડ) મેડીકલ કોલેજો સાથે અત્યાધુનિક સુવિધાવાળી હોસ્પિટલોની સ્થાપના માટે સહાય આપવાનું આથી ઠરાવવામાં આવે છે.

૧.૧ **યોજનાનું નામ :** આ યોજના "રાજ્યમાં સરકારી હોસ્પિટલો ખાતે નવી સ્વ-નિર્ભર (બ્રાઉન ફીલ્ડ) મેડીકલ કોલેજની સ્થાપના કરવા માટેની પ્રોત્સાહક યોજના" તરીકે ઓળખાશે.

૧.૨ **યોજનાનો સમય :** આ ઠરાવ પ્રસિદ્ધ કર્યા તારીખથી તા. ૩૧-૩-૨૦૨૨ સુધી આ યોજના અમલમાં રહેશે. આ યોજનાનો સમય સમાપ્ત થતા પહેલાં એટલે કે, તા. ૩૧-૩-૨૦૨૨ પહેલા નવી સ્વ-નિર્ભર (બ્રાઉન ફીલ્ડ) મેડીકલ કોલેજ કાર્યરત કરવામાં આવેલ હોય તેવી નવી સ્વ-નિર્ભર (બ્રાઉન ફીલ્ડ) મેડીકલ કોલેજને જ સહાય ચૂકવવા પાત્ર થશે. આ સમયગાળામાં સરકારશ્રી વધારો કરી શકશે.

**૨. વ્યાખ્યા :**

૨.૧ **નવી સ્વ-નિર્ભર (બ્રાઉન ફીલ્ડ) મેડીકલ કોલેજ :** મેડીકલ કાઉન્સીલ ઓફ ઈન્ડીયાનાં ધારાધોરણો મુજબ સરકારી હોસ્પિટલોને અપગ્રેડ કરી નવી સ્વ-નિર્ભર (બ્રાઉન ફીલ્ડ) મેડીકલ કોલેજ સ્થાપવામાં આવે તો તે નવી સ્વ-નિર્ભર (બ્રાઉન ફીલ્ડ) મેડીકલ કોલેજ ગણાશે.

**૩. પાત્ર વિસ્તાર :**

નવી સ્વ-નિર્ભર (બ્રાઉન ફીલ્ડ) મેડીકલ કોલેજ માટે રાજ્યમાં પ્રથમ તબક્કામાં જે જિલ્લામાં મેડીકલ કોલેજ નથી તેવા તાપી, બનાસકાંઠા, અમરેલી, ભરૂચ, દાહોદ અને પંચમહાલ જિલ્લાઓ સહાય મેળવવા પાત્ર વિસ્તાર ગણાશે.

**૪. પાત્ર વ્યક્તિ :** મેડીકલ કાઉન્સીલ ઓફ ઈન્ડીયાનાં "એસ્ટાબ્લીસમેન્ટ ઓફ મેડીકલ કોલેજ રેગ્યુલેશન્સ, ૧૯૯૯" મુજબ તેમજ તેમાં વખતો વખત સુધારાઓ મુજબ મેડીકલ કોલેજ સ્થાપવાની યોગ્યતા ધરાવનાર સંસ્થાઓ આ સહાયનાં હેતુસર પાત્ર વ્યક્તિ ગણાશે.

**૫. સહાયની રકમ :**

૫.૧ આ સહાય મેડીકલ કાઉન્સીલ ઓફ ઈન્ડીયાના ધારાધોરણો મુજબ એમ.બી.બી.એસ. અભ્યાસક્રમ માટે સરકારી હોસ્પિટલો ખાતે નવી સ્વ-નિર્ભર (બ્રાઉન ફીલ્ડ) મેડીકલ કોલેજની સ્થાપનાના હેતુસર જ છે.

૫.૨ **જમીન :** સરકારી હોસ્પિટલ ખાતે મેડીકલ કાઉન્સીલ ઓફ ઈન્ડીયા / ભારત સરકારના ધોરણોનુંસાર નવી મેડીકલ કોલેજની સ્થાપના માટે જરૂરી ૨૦ એકર જમીન (મહત્તમ બે ભાગમાં, એક ભાગમાં ઓછામાં ઓછી ૫ એકર એટલે બીજા ભાગમાં ૧૫ એકર જમીન) ઉપલબ્ધ હશે ત્યાં નવી સ્વ-નિર્ભર (બ્રાઉન ફીલ્ડ) મેડીકલ કોલેજ શરૂ કરવાની રહેશે. આ હેતુ માટે હાલમાં સરકારી હોસ્પિટલ ખાતે જે જમીન ઉપલબ્ધ હશે તે સમગ્ર જમીન (હોસ્પિટલ બાંધકામ સહીત) સરકારશ્રીના પ્રવર્તમાન નિયમોનુસાર લીઝ પર આપવામાં આવશે. લીઝના ધોરણો સરકારશ્રી દ્વારા અલાયદી રીતે નક્કી કરવામાં આવશે. સરકારી હોસ્પિટલ ખાતે ૨૦ એકરથી ઓછી જમીન ઉપલબ્ધ હશે તો એમ.સી.આઇ.ના નિયમોનુસારના અંતરે ખુટતી બાકીની જમીન સરકારશ્રી દ્વારા લીઝના ધોરણે ઉપલબ્ધ કરાવવામાં આવશે.

૫.૩ મકાન : સરકારી હોસ્પિટલ ખાતે હાલમાં ઉપલબ્ધ મકાન પાત્ર વ્યક્તિને સરકારશ્રીના પ્રવર્તમાન ધોરણો મુજબ લીઝ ઉપર આપવામાં આવશે. મેડીકલ કાઉન્સીલ ઓફ ઈન્ડીયા / ભારત સરકારના ધારા ધોરણોનુંસાર નવી મેડીકલ કોલેજની સ્થાપના માટે જરૂરી ૩૦૦ પથારી ઉપલબ્ધ કરાવવા માટે ખુટતી પથારી માટે બાંધકામ કરાવી આપવામાં આવશે અથવા ખુટતી પથારી માટે પાત્ર વ્યક્તિને બાંધકામ માટે સહાય મળવાપાત્ર થશે. સરકારી હોસ્પિટલ ખાતે જો રેસીડેન્ટ ક્વાટર્સ ઉપલબ્ધ હશે તો રેસીડેન્ટ ક્વાટર્સ જમીન (હોસ્પિટલ બાંધકામ સહીત) સાથે લીઝ પર મળવા પાત્ર થશે. હાલમાં ઉપલબ્ધ હોસ્પિટલ બિલ્ડીંગ તેમજ રેસીડેન્ટ્સ ક્વાટર્સની મરામતની જવાબદારી પાત્ર વ્યક્તિની રહેશે. એમ.સી.આઈ.ના નિયમોનુસારના ખુટતાં રેસીડેન્ટ ક્વાટર્સ (હોસ્ટેલ સહીત) પાત્ર વ્યક્તિએ ઉપલબ્ધ કરાવવાના રહેશે. કોલેજ બિલ્ડીંગ સહીતની શૈક્ષણિક તમામ સગવડો પણ પાત્ર વ્યક્તિએ ઉપલબ્ધ કરાવવાની રહેશે.

૫.૪ **ઈક્વીપમેન્ટ :**

(૧) સરકારી હોસ્પિટલ ખાતે ઉપલબ્ધ ઈક્વીપમેન્ટસ (સી.એમ.સી. સહિત) જે સ્થિતિમાં છે તે સ્થિતિમાં આ હેતુ માટે પાત્ર વ્યક્તિને મળવાપાત્ર થશે. મેડીકલ કાઉન્સીંલ ઓફ ઈન્ડીયા / ભારત સરકારના ધારા ધોરણોનુસાર નવી સ્વ-નિર્ભર (બ્રાઉન ફીલ્ડ) મેડીકલ કોલેજ શરૂ કરવા માટે જરૂરી ખૂટતા ઈક્વીપમેન્ટ્સ પાત્ર વ્યક્તિએ ઉપલબ્ધ કરાવવાના રહેશે.

(૨) રાજ્ય સરકારની “ઉચ્ચ કક્ષાના આરોગ્ય વિષયક સાધનો વસાવવા અંગેની સહાય યોજના” હેઠળ વધારાની સહાય રકમ પાત્ર વિસ્તાર મુજબ મળવાપાત્ર થશે અને તે માટે અલગથી સક્ષમ સત્તાધિકારીને અરજી કરવાની થશે.

૫.૫ **માનવબળ :** સરકારી હોસ્પિટલ ખાતે મેડીકલ કાઉન્સીલ ઓફ ઈન્ડીયા / ભારત સરકારના ધારા ધોરણોનુસાર નવી સ્વ-નિર્ભર (બ્રાઉન ફીલ્ડ) મેડીકલ કોલેજની સ્થાપના માટે જરૂરી મેડીકલ, પેરા મેડીકલ, વહીવટી તથા શૈક્ષણિક અને બિન-શૈક્ષણિક સ્ટાફ પાત્ર વ્યક્તિએ ઉપલબ્ધ કરાવવાનો રહેશે. સરકારી હોસ્પિટલ ખાતેનું હયાત માનવ બળ કરારની શરતોનુસાર નિયત કરેલ સમયગાળા માટે લોન પર મેળવી શકશે.

૫.૬ મેડીકલ કાઉન્સીલ ઓફ ઈન્ડીયા/ભારત સરકાર દ્વારા નવી સ્વ-નિર્ભર (બ્રાઉન ફીલ્ડ) મેડીકલ કોલેજ શરૂ કરવા માટેનો મંજૂરી પત્ર (એલ.ઓ.પી.) મળેલ હોય તે પાત્ર વ્યક્તિને પ્રથમ વર્ષ એમ.બી.બી.એસ.ની પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ થયેથી મંજૂર બેઠકોની સંખ્યાને ધ્યાને લેતાં બેઠક દીઠ રૂા. ૭.૫ લાખની સહાય મળવાપાત્ર થશે. ત્યાર બાદ દર વર્ષે મેડીકલ કાઉન્સીલ ઓફ ઈન્ડીયા / ભારત સરકાર દ્વારા રીન્યુઅલ મંજુરી મળેથી મંજુર બેઠક દીઠ રૂા. ૭.૫ લાખની સહાય જે તે વર્ષ માટે મળવાપાત્ર થશે. આ સહાય નવી સ્વ-નિર્ભર (બ્રાઉન ફીલ્ડ) મેડીકલ કોલેજ શરૂ થયેથી પાંચ વર્ષ સુધી જ મળવાપાત્ર થશે. પાંચ વર્ષ પછી કોઈ પણ પ્રકારની સહાય આ યોજના હેઠળ મળવાપાત્ર થશે નહીં.

૫.૭ મેડીકલ કાઉન્સીલ ઓફ ઈન્ડીયા / ભારત સરકાર દ્વારા મંજૂરીનો પત્ર (એલ.ઓ.પી.) મળ્યા બાદ પ્રવેશ મેળવેલ પ્રથમ વર્ષ એમ.બી.બી.એસ.ના વિદ્યાર્થીઓનું શૈક્ષણિક કાર્ય શરૂ થયેલ હોય તે માસથી શરૂ કરીને પાંચ વર્ષ સુધી મેડીકલ કોલેજ તેમજ સંલગ્ન હોસ્પિટલના વીજળી ખર્ચ બીલમાં વિદ્યુત શુલ્કના રીએમ્બર્સમેન્ટની રકમ સહાય પેટે મળવાપાત્ર થશે. આ સહાયની રકમ દર ત્રણ મહિને ચુકવવામાં આવશે.

**૬. શરતો :**

૬.૧ લાભાર્થી સંસ્થાને આ ઠરાવમાં દર્શાવ્યા સિવાયની આવર્તક ખર્ચની રકમ પેટે કોઈ રકમ આપવામાં આવશે નહીં. પરંતુ સરકારી હોસ્પિટલને સરકારશ્રી દ્વારા હાલમાં આવર્તક ખર્ચ પેટે ફાળવવામાં આવતા અનુદાન જેટલી રકમ નિયત (Freeze) કર્યા બાદ કર્યા બાદ તેટલી રકમ સહાય પેટે મળવાપાત્ર થશે. નવી સ્વ-નિર્ભર (બ્રાઉન ફીલ્ડ) મેડીકલ કોલેજ શરૂ કર્યાની શરૂઆતથી આવર્તક રકમના ખર્ચની જવાબદારી સંબંધિત સંસ્થાએ નિભાવવાની રહેશે.

૬.૨ મેડીકલ કાઉન્સીલ ઓફ ઈન્ડીયા / ભારત સરકારના ધારા ધોરણ મુજબ સ્વ-નિર્ભર (બ્રાઉન ફીલ્ડ) મેડીકલ કોલેજ શરૂ કરવા માટે બિલ્ડીંગ, સાધનો, ફર્નિચર તથા તેના મેઈન્ટેનન્સ અને રીપેરીંગનાં ખર્ચ પેટે કરવામાં આવેલ ખર્ચ ઠરાવની જોગવાઈ સિવાય સહાય માટે પાત્ર થશે નહીં.

૬.૩ આ પ્રોત્સાહક યોજના હેઠળ શરૂ કરેલ નવી સ્વ-નિર્ભર (બ્રાઉન ફીલ્ડ) મેડીકલ કોલેજ મેડીકલ કાઉન્સીલ ઓફ ઈન્ડીયા (એમ.સી.આઈ.) ભારત સરકાર અને રાજ્ય સરકારના નીતિ-નિયમોનું પાલન કરવાનું રહેશે.

૬.૪ લાભાર્થી સંસ્થાએ મેડીકલ કાઉન્સીલ ઓફ ઈન્ડીયાના ધારાધોરણ અને બીજી કાયદાકીય જોગવાઈઓ મુજબ યોગ્ય લાયકાત અને અનુભવ ધરાવતા મેડીકલ, પેરા મેડીકલ, નર્સિંગ, વહીવટી વિગેરે શૈક્ષણિક અને બિન શૈક્ષણિક સ્ટાફ ઉપલબ્ધ કરાવવાનો રહેશે.

૬.૫ લાભાર્થી સંસ્થા મળેલ સહાયનો અન્ય કોઈ હેતુ માટે ઉપયોગ કરી શકશે નહીં.

૬.૬ મેડીકલ કાઉન્સીલ ઓફ ઈન્ડીયાના ધારાધોરણ મુજબ નવી સ્વ-નિર્ભર (બ્રાઉન ફીલ્ડ) મેડીકલ કોલેજની સ્થાપના કરીને શરૂ કરવા માટેની જરૂરી કાયદાકીય પૂર્તતા / મંજૂરી અંગેની જવાબદારી લાભાર્થી સંસ્થાની રહેશે.

૬.૭ આ પ્રોત્સાહક યોજના હેઠળ શરૂ કરવાની નવી સ્વ-નિર્ભર (બ્રાઉન ફીલ્ડ) મેડીકલ કોલેજોમાં ફીનું ધોરણ અને પ્રવેશ નિયંત્રણ ગુજરાત પ્રોફેશનલ મેડીકલ એજ્યુકેશનલ કોલેજીસ ઓર ઈન્સ્ટીટ્યુશન્સ (ફી નિર્ધારણ અને પ્રવેશ નિયંત્રણ), એક્ટ, ૨૦૦૭ મુજબ રહેશે.

૬.૮ લાભાર્થી સંસ્થાએ રાજ્ય સરકારની પ્રવર્તમાન નીતિ અનુસાર બેંક ગેરંટી અને ઈન્ડેમ્નીટી બોન્ડ આપવાનું રહેશે.

૬.૯ આ યોજના હેઠળ સહાય મેળવનાર પાત્ર વ્યક્તિએ નવી સ્વ-નિર્ભર (બ્રાઉન ફીલ્ડ) મેડીકલ કોલેજ શરૂ થયેથી સરકારી હોસ્પિટલ લીઝ સાથે ચાલુ રાખવાની રહેશે.

૬.૧૦ આ ઠરાવ હેઠળની કોઈ પણ શરતનો ભંગ લાભાર્થી / પાત્ર વ્યક્તિ કરશે તો પેરા-૫માં દર્શાવ્યા મુજબ નવી સ્વ-નિર્ભર (બ્રાઉન ફીલ્ડ) મેડીકલ કોલેજ શરૂ કરવા માટે મેળવેલ સહાય પરત ચુકવવાની રહેશે અન્યથા ચૂકવેલ સહાયની રકમ જમીન મહેસૂલનાં લેણાં તરીકે પરત વસુલ કરવામાં આવશે.

૬.૧૧ રાજ્ય સરકારે સુચવેલ ધોરણોનુસાર તબીબી સારવાર પુરી પાડવાની રહેશે. હયાત ઉપલબ્ધ પથારીઓ સંપૂર્ણ પણે મફ્ત સારવાર માટે અનામત રાખવાની રહેશે. વધારાની પથારીની વ્યવસ્થા લાભાર્થિ સંસ્થાએ પોતાના ખર્ચે કરવાની રહેશે. તે પૈકી જેટલી પથારીઓ રાજ્ય સરકાર સુચવે તેમાં સંપૂર્ણ પણે મફ્ત / અથવા તો રાજ્ય સરકાર સુચવે તે ધોરણે સારવાર આપવાની રહેશે. અને તે માટે લાભાર્થિ સંસ્થાએ કરેલ ખર્ચને ધ્યાને લઈ રાજ્ય સરકાર સહાય પૂરી પાડશે. આ અંગે સંસ્થાએ સર્વિસ એગ્રીમેન્ટ કરવાનો રહેશે.

૬.૧૨ આ ઠરાવમાં નિયત કરાયેલ તમામ શરતો અને જોગવાઈનો અમલ કરવા માટે લાભાર્થી / પાત્ર વ્યક્તિએ સરકાર સાથે કરારખત કરવાનો રહેશે અને કરારની શરતો મુજબ કામગીરી કરવાની રહેશે.

**૭. પદ્ધતિ :**

૭.૧ લાભાર્થી સંસ્થાએ આ પ્રોત્સાહક યોજના હેઠળ નવી સ્વ-નિર્ભર (બ્રાઉન ફીલ્ડ) મેડીકલ કોલેજ શરૂ કરવા સરકારશ્રીના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, બ્લોક નં. ૭, ૭મો માળ, સચિવાલય, ગાંધીનગરને વિગતવાર આધારપુરાવા સહીત અરજી કરવાની રહેશે.

૭.૨ નવી સ્વ-નિર્ભર (બ્રાઉન ફીલ્ડ) મેડીકલ કોલેજ શરૂ કરવા માટે અરજદારની એમ.સી.આઈ.માં નાનોર્મ્સ મુજબ લાયકાત, આર્થિક સધ્ધરતા તથા અન્ય જરૂરિયાતોની ચકાસણી કરી સરકારશ્રી કક્ષાએ નિર્ણય લેવામાં આવશે.

આ ઠરાવની જોગવાઈઓનું અર્થઘટન કરવાની સત્તા સરકારશ્રી ધરાવશે. આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણા વિભાગની તા. ૨-૧૨-૨૦૧૬ની નોંધથી મળેલ અનુમતી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**(વી. જી. વણઝારા)**
સંયુક્ત સચિવ,
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ.

# Proposed Service Level Agreement

<table>
<tr><th>Sr. No.</th><th>Service</th><th>Conditions</th></tr>
<tr><td>1</td><td>Present No. of Beds</td><td>Totally Free</td></tr>
<tr><td>2</td><td>Additional Beds</td><td>50% Free + 50% Paid</td></tr>
<tr><td rowspan="2">3</td><td rowspan="2">Diagnostic</td><td>64 Tests Free (Present Available)</td></tr>
<tr><td>Higher Level - Paid</td></tr>
<tr><td rowspan="2">4</td><td rowspan="2">Drugs</td><td>Free for OPD</td></tr>
<tr><td>Free for Free Beds</td></tr>
<tr><td rowspan="3">5</td><td rowspan="3">Money<br>for Recurring</td><td>For Drugs - Payable</td></tr>
<tr><td>Diagnostics - Payble<br>(Consumable/Equipment)</td></tr>
<tr><td>Manpower</td></tr>
</table>

# આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા. ૧૩/૧૨/૨૦૧૬ના ઠરાવ ક્રમાંક : એમસીજી-૧૦૧૬-એસએફએસ-૧૫૧-જ, નું બિડાણ :

## પરિશિષ્ટ

## બાંહેધરી ખત

૧. હું સત્યનિષ્ઠાપૂર્વક એકરાર કરૂં છું કે, ખાનગી અને સ્વૈચ્છિક સંસ્થા ક્ષેત્રે નવી સ્વ-નિર્ભર (બ્રાઉન ફીલ્ડ) મેડીકલ કોલેજ શરૂ કરવા માટેની યોજના હેઠળ સહાય મેળવવા માટેની અરજી આપેલી માહિતી મારી સંપૂર્ણ જાણ અને માન્યતા પ્રમાણે સાચી છે.

૨. નવી સ્વ-નિર્ભર (બ્રાઉન ફીલ્ડ) મેડીકલ કોલેજ શરૂ કરવા માટેની યોજના હેઠળ સહાયની મળેલ મંજુરી પત્ર ક્રમાંક : ............................................................................ તા. ............................. અને સરકારી ઠરાવ ક્રમાંક : એમસીજી/૨૦૧૫/એસએફએસ-૧૫૧/જ, તા. ૧૩-૧૨-૨૦૧૬માં જણાવેલ શરતો અને જોગવાઈઓનું પાલન કરવા હું બંધન કર્તા છું. આ શરતો પૈકી કોઈ પણ શરતનો ભંગ યોજના હેઠળ મારી મંજુરી થયેલ દરખાસ્તની જોગવાઈઓના ભંગ સમાન ગણાશે અને હું / અમો માંગણી થયેથી અમોને ચુકવેલ સહાયની એકંદર ચુકવાયેલ રકમ સરકારને પરત ચુકવવા બાહેંધરી આપું છું.

૩. નીચે જણાવેલ શરતો અમોને બંધનકર્તા રહેશે.

(૧) લાભાર્થી સંસ્થાને નિયત સહાય રકમ આપ્યા પછી આવર્તક ખર્ચની રકમ પેટે કોઈ રકમ આપવામાં આવશે નહીં. નવી સ્વ-નિર્ભર મેડીકલ કોલેજ શરૂ કર્યાની શરૂઆતથી આવર્તક રકમના ખર્ચની જવાબદારી સંબંધિત સંસ્થાએ નિભાવવાની રહેશે.

(૨) મેડીકલ કાઉન્સીલ ઓફ ઈન્ડીયા / ભારત સરકારના ધારાનવી સ્વ-નિર્ભર (બ્રાઉન ફીલ્ડ) મેડીકલ કોલેજ શરૂ કરવા માટે ખુટતી જમીન અને બિલ્ડીંગ, સાધનો, ફર્નિચર, મેઈન્ટેનન્સ અને રીપેરીંગના ખર્ચ પેટે કરવામાં આવેલ ખર્ચ સહાય માટે પાત્ર થશે નહી.

(૩) આ પ્રોત્સાહન યોજના હેઠળ શરૂ કરેલ નવી સ્વ-નિર્ભર (બ્રાઉન ફીલ્ડ) મેડીકલ કોલેજ મેડીકલ કાઉન્સિલ ઓફ ઈન્ડીયા (એમ.સી.આઈ.), ભારત સરકાર અને રાજ્ય સરકારના નીતિ-નિયમોનું પાલન કરવાનું રહેશે.

(૪) લાભાર્થી સંસ્થાએ મેડીકલ કાઉન્સીલ ઓફ ઈન્ડીયાના ધારાધોરણ અને બીજી કાયદાકીય જોગવાઈઓ મુજબ યોગ્ય લાયકાત અને અનુભવ ધરાવતા મેડીકલ, પેરા-મેડીકલ, નર્સિંગ, વહીવટી, વિગેરે શૈક્ષણિક અને બિન-શૈક્ષણિક સ્ટાફ ઉપલબ્ધ કરાવવાનો રહેશે.

(૫) લાભાર્થી સંસ્થા મળેલ સહાયનો અન્ય કોઈ હેતુ માટે ઉપયોગ કરી શકશે નહીં.

(૬) મેડીકલ કાઉન્સીલ ઓફ ઈન્ડીયાના ધારા ધોરણ મુજબ નવી સ્વ-નિર્ભર (બ્રાઉન ફીલ્ડ) મેડીકલ કોલેજની સ્થાપના કરીને સરૂ કરવા માટેની જરૂરી કાયદાકીય પૂર્તતા / મંજૂરી અંગેની જવાબદારી લાભાર્થી સંસ્થાની રહેશે.

(૭) આ પ્રોત્સાહક યોજના હેઠળ શરૂ કરવાની નવી સ્વ-નિર્ભર (બ્રાઉન ફીલ્ડ) મેડીકલ કોલેજોમાં ફીનું ધોરણ અને પ્રવેશ નિયંત્રણ ગુજરાત પ્રોફેશનલ મેડીકલ એજ્યુકેશનલ કોલેજીસ ઓર ઈન્સ્ટીટ્યુશન્સ એક્ટ, ૨૦૦૭ મુજબ રહેશે.

(૮) લાભાર્થી સંસ્થાએ રાજ્ય સરકારની પ્રવર્તમાન નીતિ અનુસાર બેંક ગેરંટી અને ઈન્ડેમ્નીટી બોન્ડ આપવાનું રહેશે.

(૯) આ યોજના હેઠળ સહાય મેળવનાર પાત્ર વ્યક્તિએ નવી સ્વ-નિર્ભર (બ્રાઉન ફીલ્ડ) મેડીકલ કોલેજ શરૂ થયેથી દશ વર્ષ સુધી ચાલુ રાખવાની રહેશે.

(૧૦) આ ઠરાવ હેઠળની કોઈ પણ શરતનો ભંગ લાભાર્થી / પાત્ર વ્યક્તિ કરશે તો તેમને મેળવેલ સહાય પરત ચુકવવાની રહેશે. અન્યથા ચૂકવેલ સહાયની રકમ જમીન મહેસૂલનાં લેણાં તરીકે પરત વસુલ કરવામાં આવશે.

૪. હું પ્રમાણિત અને જાહેર કરૂં છું કે,

(૧) મેં / અમોએ આ અરજીમાં દાવો કરાયેલ સેટઅપ પર કોઈ પણ પ્રકારની સહાય કે સબસીડી પેટે કોઈ રકમ રાજ્ય સરકાર પાસેથી મેળવેલ નથી.

(૨) હું / અમો આ અરજીમાં દાવો કરાયેલ સેટઅપની સુવિધા પસંદગી પાત્ર વિસ્તાર અને સ્થળ પૂરતી જ મર્યાદિત રાખી સહાય મેળવવા બાંહેધરી આપીએ છીએ અને આ સુવિધા ઓછામાં ઓછા ૧૦ વર્ષ સુધી જાળવીશું.

(૩) યોગ્ય લાયકાત અને અનુભવ ધરાવતા મેડીકલ, પેરામેડીકલ, નર્સિંગ, તથા વહીવટી સ્ટાફની નિમણૂંક કરીશું.

(૪) આ સેટઅપની સુવિધા પૂરી પાડવા માટેની જરૂરી કાયદાકીય પૂર્તતા / મંજૂરી મેળવવાની જવાબદારી અમોની / સંસ્થાની રહેશે.

**સ્થળ :**

**તારીખ :**

**સહી**

**અધિકૃત વ્યક્તિનું નામ તથા સરનામું**

**કંપનીનો સિક્કો**

# ખાનગી ક્ષેત્રે નવી સુપર સ્પેશ્યાલીટી હોસ્પિટલ શરૂ કરવા માટેની પ્રોત્સાહક યોજના

ગુજરાત સરકાર,
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ,
ઠરાવ ક્રમાંક : એમસીજી-૨૦૧૫-એસએફએસ-૬-જ
સચિવાલય, ગાંધીનગર.
તારીખ : ૧૩-૧૨-૨૦૧૬

**વંચાણે લીધો :**

કમિશ્નરશ્રી, આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણની કચેરીની સીંગલ ફાઈલ સીસ્ટમ ઉપર તા. ૨૫-૧-૨૦૧૬નીં નોંધથી મળેલ દરખાસ્ત.

**પ્રાસ્તાવિક :**

રાજ્યનાં દુર્ગમ તેમજ અંતરિયાળ વિસ્તારોમાં લોકોને સામૂહિક આરોગ્ય કેન્દ્રો/જિલ્લા હોસ્પિટલો ખાતે વિશિષ્ટ પ્રકારની તબીબી સેવાઓ મર્યાદિત પ્રમાણમાં ઉપલબ્ધ થાય છે. રાજ્યમાં અસંચારી રોગો (NCDs)ના વધતા પ્રમાણનાં કારણે ઉભા થતાં નવા પડકારો, અંતરિયાળ વિસ્તારોમાં આરોગ્ય વિષયક સેવાઓની વધુ માંગ, જાહેર આરોગ્ય સંસ્થાઓમાં નિદાન સેવાઓ માટે દર્દીઓનો ધસારો, યોગ્ય તાલીમ પામેલ માનવ સંશાધનની પૂરતી ઉપલબ્ધીનો અભાવ, વગેરે સમસ્યાઓના નિરાકરણ માટે આરોગ્ય વિષયક સેવાઓ પુરી પાડવા માટે ખાનગી ક્ષેત્ર અને બિન સરકારી સંસ્થાઓને પ્રોત્સાહન આપવાની જરૂરીયાત જણાયેલ છે.

આરોગ્ય સેવાઓ પૂરી પાડવા માટે પ્રોત્સાહન આપવા સાથે-સાથે વ્યાપકપણે રોજગારીની તકો ઉભી કરવાનો સરકારનો ધ્યેય છે. આ ધ્યેયને પરિપૂર્ણ કરવા માટે પ્રોત્સાહન રૂપે નવી સુપર સ્પેશ્યાલીટી હોસ્પિટલ શરૂ કરવા માટે સહાય આપવા માટેની નવી નીતિ નિર્ધારણની બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

**ઠરાવ :**

આ બાબતે પુખ્ત વિચારણાના અંતે, ખાનગી ક્ષેત્ર અને બિન સરકારી સંસ્થાઓ દ્વારા સંચાલિત નવી સુપર સ્પેશ્યાલીટી હોસ્પિટલ શરૂ કરવા માટે સહાય પુરી પાડવા નીચે જણાવેલ શરતોને આધિન રહીને મંજૂરી આપવાનું આથી ઠરાવવામાં આવે છે.

૧.૧ **યોજનાનું નામ :** આ યોજના ખાનગી અને બિન સરકારી સંસ્થાઓ દ્વારા આરોગ્ય વિષયક સેવાઓ પુરી પાડવા માટે "સુપર સ્પેશ્યાલીટી હોસ્પિટલની સ્થાપના અંગેની સહાય યોજના" તરીકે ઓળખાશે.

૧.૨ **યોજનાનો સમય :** આ ઠરાવ પ્રસિદ્ધ કર્યા તારીખથી તા. ૩૧-૩-૨૦૨૨ સુધી આ યોજના અમલમાં રહેશે. આ યોજનાનો સમય સમાપ્ત થતા પહેલાં એટલે કે, તા. ૩૧-૩-૨૦૨૨ પહેલા સુપર સ્પેશ્યાલીટી હોસ્પિટલ કાર્યરત કરવામાં આવેલ હોય તેવી સુપર સ્પેશ્યાલીટી હોસ્પિટલને જ સહાય ચૂકવવા પાત્ર થશે. આ ઠરાવની તારીખ પહેલા શરૂ થયેલ સુપર સ્પેશ્યાલીટી હોસ્પિટલ આ યોજના હેઠળ સહાયને પાત્ર થશે નહીં.

**૨. વ્યાખ્યા :**

૨.૧ **સુપર સ્પેશ્યાલીટી હોસ્પિટલ :** તૃતિય કક્ષાની આરોગ્ય સંભાળ (Tertiary Care) સાથે રોગના નિદાન અને સારવાર માટે સુપર સ્પેશ્યાલીટી વિષયો પૈકી કોઈપણ એક અથવા એકથી વધારે વિષયોનાં દર્દીઓ માટે સુપર સ્પેશ્યાલીટી સારવાર માટે લઘુત્તમ ૧૦ પથારીઓ ધરાવતી, પરંતુ કુલ ૫૦ પથારીઓથી ઓછી ન હોય તેવી ક્ષમતાવાળી હોસ્પિટલની નવી સુવિધા સ્થાપવામાં આવે તો તે સુપર સ્પેશ્યાલીટી હોસ્પિટલ ગણાશે.

૨.૨ **સુપર સ્પેશ્યાલીટી વિષય :** સુપર સ્પેશ્યાલીટી વિષય તરીકે "નેફ્રોલોજી, યુરોલોજી, મેડીકલ ઓન્કોલોજી, સર્જિકલ ઓન્કોલોજી, રેડીયેશન ઓન્કોલોજી, કાર્ડિયોલોજી, કાર્ડિયોથોરેસીક સર્જરી, ન્યુરોલોજી, ન્યુરો સર્જરી, પ્લાસ્ટીક સર્જરી, મેડીકલ ગેસ્ટ્રોએન્ટ્રોલોજી, સર્જિકલ ગેસ્ટ્રોએન્ટ્રોલોજી, સ્પાઈન સર્જરી અને નીયોનેટોલોજી" ગણાશે. રાજ્ય સરકાર આ વિષયોમાં જરૂરિયાત પ્રમાણે વધારો કરી શકશે.

૨.૩ **અધિકૃત બેંક લોન :** સુપર સ્પેશ્યાલીટી હોસ્પિટલનાં મકાનનાં બાંધકામ અને સાધનો પેટે બેંકમાંથી મંજુર કરાયેલ લોન અધિકૃત બેંક લોન ગણાશે. પુનઃવેચાણથી મેળવેલ મકાનનાં કિસ્સામાં ફક્ત મકાનનાં બાંધકામની કિંમત પેટે મેળવેલ લોન અધિકૃત ગણાશે, અધિકૃત બેંક લોનમાં જમીન, અને મુડી કામ (વર્કિંગ કેપીટલ) માટે મેળવેલ લોનનો સમાવેશ થશે નહીં. તૈયાર મકાન અથવા બહુમાળી મકાનના પ્રસંગોમાં કુલ કિંમતમાંથી ફક્ત બાંધકામની કીંમત પેટે મેળવેલ લોનની રકમનો જ અધિકૃત લોનમાં સમાવિષ્ટ થશે. આ અંગે મકાનની કિંમત સરકારશ્રીની વખતો વખતની સૂચનાઓ પ્રમાણે નક્કી થશે.

**૩. પાત્ર વિસ્તાર :**

સુપર સ્પેશ્યાલીટી હોસ્પિટલ માટે સમગ્ર રાજ્યનો વિસ્તાર સહાય મેળવવા પાત્ર વિસ્તાર ગણાશે.

**૪. પાત્ર વ્યક્તિ :** ગુજરાત મેડીકલ કાઉન્સીલમાં નોંધાયેલ કોઈ પણ તજજ્ઞ તબીબ, નોંધાયેલ ભાગીદારી પેઢી અથવા કાયદા હેઠળ નોંધાયેલ સંસ્થા આ સહાયનાં હેતુસર પાત્ર વ્યક્તિ ગણાશે. નોંધાયેલ સંસ્થામાં કંપની, ચેરીટેબલ ટ્રસ્ટ, સોસાયટી, સહકારી સંસ્થાઓ, સરકારી અને અર્ધસરકારી બોર્ડ, કોર્પોરેશન, સોસાયટી, પંચાયત, નગરપાલિકા, મહાનગરપાલિકા વિગેરેનો પણ સમાવેશ થશે.

**૫. સહાયની રકમ :**

૫.૧ આ સહાય નવી સુપર સ્પેશ્યાલીટી હોસ્પિટલની સ્થાપનાના હેતુસર જ છે.

૫.૨ નવી સુપર સ્પેશ્યાલીટી હોસ્પિટલની સ્થાપનાનાં હેતુસર તબીબી સાધનો ખરીદવા બેંક દ્વારા ચુકવણું કરાયેલ લોનની રકમનાં ૧૦ ટકા મુજબની રકમ મુડી સહાય (Capital Subsidy) પેટે મળવા પાત્ર થશે. આ સહાયની મહત્તમ મર્યાદા રૂા.૧૦ કરોડ રહેશે.

૫.૩ નવી સુપર સ્પેશ્યાલીટી હોસ્પિટલની સ્થાપનાના હેતુસર મેળવેલ અધિકૃત બેંક લોન (મહત્તમ રૂા.૪૦ કરોડની મર્યાદામાં) ઉપર ૪ ટકા સુધીના વ્યાજની રકમ વળતર પેટે મળવાપાત્ર થશે. આ સહાય હોસ્પિટલ કાર્યરત થયાની તારીખથી મહત્તમ સાત વર્ષ સુધી મળવાપાત્ર થશે.

૫.૪ હોસ્પિટલ મકાનના વીજળી ખર્ચ બીલમાં વિદ્યુત શુલ્કનાં રીએમ્બર્સમેન્ટની રકમ સહાય પેટે હોસ્પિટલ કાર્યરત થયાની તારીખથી પાંચ વર્ષ સુધી મળવાપાત્ર થશે.

૫.૫ રાજ્યના મ્યુનિલિપલ કોર્પોરેશન્સ સિવાયનાં સમગ્ર રાજ્યમાં કાયદા નીચે નોંધાયેલ સાર્વજનિક ટ્રસ્ટોને આ યોજનાના હેતુ માટે, જમીનની ઉપલબ્ધતા હોવાની શરતે, ટોકન ભાવે (જંત્રીને ધ્યાને લીધા વિના) જમીન મળવાપાત્ર થશે.

**૬. શરતો :**

૬.૧ તબીબી સાધનો ખરીદવા બેંક દ્વારા ચુકવણુ કરાયેલ લોનની રકમના ૧૦ ટકા મુજબની રકમ મુડી સહાય (Capital Subsidy) પેટે સાધનોનું સ્થાપન કરી કામગીરી શરૂ થયે મળવાપાત્ર થશે. પરંતુ આ સહાયની રકમ હોસ્પિટલ કાર્યરત થયાની તારીખ પછી જ ચુકવવામાં આવશે.

૬.૨ વ્યાજ પેટે સહાયની રકમ (Interest Subvention) સાત વર્ષ સુધી આપવામાં આવશે. સુપર સ્પેશ્યાલીટી હોસ્પિટલ કાર્યરત થયે એક વર્ષ વછી તબક્કાની સહાયની રકમ મળવાપાત્ર થશે. ત્યારબાદ દર વર્ષે બાકી બેંક લોન ઉપર ૪ ટકા સુધીના વ્યાજની રકમ છ તબક્કામાં એમ કુલ સાત વર્ષ સુધી ચુકવવામાં આવશે. સહાય ચુકવવાની પ્રક્રિયા અલાયદી રીતે જાહેર કરવામાં આવશે.

૬.૩ સુપર સ્પેશ્યાલીટી હોસ્પિટલ કાર્યરત થયાની તારીખથી હોસ્પિટલ મકાનના વીજળી ખર્ચ બીલમાં સમાવિષ્ટ વિદ્યુત શુલ્કની રકમનું રીએમ્બર્સમેન્ટ ત્રિમાસિક ધોરણે મળવાપાત્ર થશે. આ અંગે અનુસરવાની પ્રક્રિયા અલાયદી રીતે જાહેર કરવામાં આવશે.

૬.૪ આ યોજના હેઠળની સહાય નવી સુપર સ્પેશ્યાલીટી હોસ્પિટલમાં ઉપલબ્ધ સુપર સ્પેશ્યાલીટી વિષયની સેવાઓ ચાલુ રહે તો જ મળવાપાત્ર થશે.

૬.૫ આ યોજના હેઠળની સુવિધા માટે કરવામાં આવેલ આવર્તક ખર્ચ સહાય માટે પાત્ર થશે નહીં. સુપર સ્પેશ્યાલીટી હોસ્પિટલ શરૂ કર્યાની શરૂઆતથી આવર્તક રકમના ખર્ચની જવાબદારી સંબંધિત સંસ્થા/વ્યક્તિએ નિભાવવાની થશે.

૬.૬ જમીન અને મકાન, ફર્નિચર, એર કંડીશનર, કુલરની જાળવણી અને મરામત માટે કરવામાં આવેલ ખર્ચ લોન સહાય માટે પાત્ર થશે નહીં.

૬.૭ આ યોજના હેઠળ સ્થાપવમાં આવેલ સુપર સ્પેશ્યાલીટી હોસ્પિટલ ઓછામાં ઓછા સાત વર્ષ સુધી ચાલુ હાલતમાં જાળવવાની રહેશે. બેંક લોન દ્વારા ખરીદેલ તબીબી ઉપકરણો એક સ્થળેથી બીજા સ્થળે ખસેડી શકાશે નહીં.

૬.૮ પાત્ર વ્યક્તિએ સહાયથી કાર્યરત કરાયેલ સુપર સ્પેશ્યાલીટી હોસ્પિટલ ચલાવવા માટે યોગ્ય લાયકાત અને અનુભવ ધરાવતા મેડીકલ, પેરામેડીકલ, નર્સિંગ, વહીવટી વિગેરે સ્ટાફની નિમણૂંક કરવાની રહેશે.

૬.૯ આ યોજના હેઠળની સુવિધા કાર્યરત કરવા માટે નિયત કાયદાઓ/નિયમોની જોગવાઈઓનું પાલન કરવાની જવાબદારી લાભાર્થીની રહેશે.

૬.૧૦ આ ઠરાવ હેઠળની કોઈ પણ શરતનો ભંગ લાભાર્થી/પાત્ર વ્યક્તિ કરશે તો તેમને ચૂકવેલ સહાયની રકમ પરત કરવાની રહેશે અન્યથા સહાયની રકમ જમીન મહેસૂલનાં લેણાં તરીકે પરત વસુલ કરવામાં આવશે.

૬.૧૧ આ યોજના હેઠળ સહાય મેળવનાર પાત્ર વ્યક્તિ "ઉચ્ચ કક્ષાના આરોગ્ય વિષયક સાધનો વસાવવા અંગેની સહાય યોજના" હેઠળ સહાય મેળવી શકશે નહીં. આ યોજના હેઠળ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત હોસ્પિટલે જે સાધન માટે સહાય મેળવેલ હોય, તે સાધન માટે સરકારશ્રીના તા. ૨-૭-૨૦૧૫ના ઠરાવ ક્રમાંક : હસપ-૧૨૨૦૧૩-ન.બા.૪૭-અ (પાર્ટ ફાઈલ) હેઠળ સહાયની માંગણી કરી શકાશે નહીં.

૬.૧૨ આ યોજના હેઠળ સહાય મેળવનાર પાત્ર વ્યક્તિ નવી સુપર સ્પેશ્યાલીટી હોસ્પિટલો કાર્યરત થયાના પાંચ વર્ષ પૂર્ણ થાય તે પહેલાં "રાજ્યમાં નવી સ્વ-નિર્ભર (ગ્રીન ફીલ્ડ) મેડીકલ કોલેજની સ્થાપના કરવા માટેની પ્રોત્સાહક યોજના" હેઠળ સહાય મેળવવા ઈચ્છે તેવા સંજોગોમાં નવી સહાયની મંજુરી મળ્યેથી આ યોજના હેઠળ મળતી સહાય બંધ થશે.

૬.૧૩ આ યોજના અન્વયે લાભ મેળવનાર હોસ્પિટલ દ્વારા "મા-અમૃતમ યોજના" માં સામેલ થવાનું રહેશે.

૬.૧૪ આ ઠરાવમાં નિયત કરાયેલ તમામ શરતો અને જોગવાઈનો અમલ કરવા માટે લાભાર્થી/પાત્ર વ્યક્તિએ રૂા.૧૦૦/- ના સ્ટેમ્પ પેપર ઉપર બાંહેધરી ખત પરિશિષ્ટ મુબજ આપવાનું રહેશે.

૬.૧૫ આ યોજના હેઠળ લાભ મેળવનાર હોસ્પિટલે મા-અમૃતમ યોજનામાં સામેલ થવાનું રહેશે.

૬.૧૬ રાજ્ય સરકારની અન્ય યોજના હેઠળ કે અન્ય રીતે આ પ્રકારની સહાય મેળવવામાં આવેલ હશે તો આ યોજનાનો લાભ મળવાપાત્ર થશે નહીં.

૬.૧૭ આ યોજના અન્વયે એક જ વખત સહાય મળવાપાત્ર રહેશે.

## ૭. પદ્ધતિ :

૭.૧ લાભાર્થી/પાત્ર વ્યક્તિએ નોંધણી માટે નિયત નમૂનામાં જરૂરી દસ્તાવેજો સાથે કમિશ્નરશ્રી આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણની કચેરી, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગરને અરજી કરવાની રહેશે.

૭.૨ અરજદારે અરજી સાથે ચકાસણી ફીની રકમ સરકારશ્રીની તરફેણમાં રાષ્ટ્રિયકૃત બેંકના ડીમાન્ડ ડ્રાફ્ટ સ્વરૂપે ભરવાની રહેશે. આ અરજી ચકાસણી ફી ની રકમ રૂા. ૨૦,૦૦૦/- રહેશે.

૭.3 કમિશ્નરશ્રી આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણની કચેરી મળેલ અરજી અને દસ્તાવેજોની ચકાસણી કરશે અને નવી સુપર સ્પેશ્યાલીટી હોસ્પિટલ માટે લાભાર્થી / પાત્ર વ્યક્તિની દરખાસ્તની નોંધણી કરશે.

૭.૪ લાભાર્થી / પાત્ર વ્યક્તિએ મંજુર કરાયેલ નોંધણી મુજબ નવી સુપર સ્પેશ્યાલીટી હોસ્પિટલ કાર્યરત થયે સહાય પેટે રકમ મેળવવા માટે નિયત નમુનામાં જરૂરી દસ્તાવેજો સાથે કમિશ્નરશ્રી આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણની કચેરીને અરજી કરવાની રહેશે.

૭.૫ દાવા હેઠળની સહાયની રકમ મેળવવા માટે મળેલ અરજીની ખરાઈ કરવા સક્ષમ સત્તાધિકારી તાંત્રિક જૂથની રચના કરશે.

૭.૬ તાંત્રિક જૂથ કેન્દ્ર / હોસ્પિટલ સંકુલની સ્થળ મુલાકાત લઈ વિગતવાર ભૌતિક ચકાસણી કરશે અને સહાયની રકમ ચૂકવવા માટે સક્ષમ સત્તાધિકારી સમિતિને વિચારણા માટે અહેવાલ રજૂ કરશે.

૭.૭ સક્ષમ સત્તાધિકારી એટલે કે રાજ્ય કક્ષાની સમિતિ મળેલ અહેવાલ પર વિચારણા કરી લાભાર્થી / પાત્ર વ્યક્તિને સહાયની રકમ મંજૂર કરશે.

## ૮. રાજ્યકક્ષાની સમિતિ :

લાભાર્થી / પાત્ર વ્યક્તિને સહાય મંજુરી અને મળેલ દરખાસ્તની ચકાસણી માટે રાજ્ય કક્ષાની સમિતિની રચના કરવામાં આવશે. આ સમિતિમાં નીચે મુજબના સભ્યો રહેશે.

| | |
|---|---|
| અગ્રસચિવ / સચિવ અને કમિશ્નર ( આરોગ્ય ) | ચેરમેન |
| અગ્ર સચિવ / સચિવ, નાણાં વિભાગ | સભ્ય |
| અધિક નિયામક ( તબીબી શિક્ષણ ) | સભ્ય |
| ડીન/તબીબી અધિક્ષક/નિયામક ( મેડીકલ કોલેજ સંલગ્ન હોસ્પિટલ ) ( સરકારશ્રી દ્વારા નિયુક્ત કરાયેલ ) | સભ્ય |
| અધિક નિયામક ( તબીબી સેવાઓ ) | સભ્ય સચિવ |
| વિષય નિષ્ણાંત ( ચેરમેનશ્રી દ્વારા નિયુક્ત કરાયેલ ) | આમંત્રિત સભ્ય |
| વિષય નિષ્ણાંત ( તાંત્રિક જૂથમાં નિયુક્ત કરાયેલ ) | આમંત્રિત સભ્ય |

નવી સુપર સ્પેશ્યાલીટી હોસ્પિટલની સ્થાપનાના હેતુસર મેળવેલ અધિકૃત બેંક લોન ( મહત્તમ રૂા. ૪૦ કરોડની મર્યાદામાં ) અંગેના દસ્તાવેજોની ચકાસણી અને ભૌતિક નિરીક્ષણ કરી સહાય મંજૂર કરવાની સત્તા આ સમિતિ ધરાવશે. આ સમિતિ ભૌતિક નિરીક્ષણ માટે તાંત્રિક જૂથની રચના કરવાની પણ સત્તા ધરાવશે. સમિતિએ સહાય માટે માન્ય કરેલ બેંક લોનની રકમ ઉપર સહાયનું ચુકવણું સંબંધિત જિલ્લાના મુખ્ય જિલ્લા તબીબી અધિકારી દ્વારા કરવામાં આવશે. આ સહાયની રકમ દર ત્રણ મહીને ચુકવવામાં આવશે.

નવી સુપર સ્પેશ્યાલીટી હોસ્પિટલ કાર્યરત થયેથી હોસ્પિટલ મકાનના વીજળી ખર્ચ બીલમાં વિદ્યુત શુલ્કના રીએમ્બર્સમેન્ટની રકમ એટલે કે પારા-૫.૪ મુજબની સહાય મંજુરી માટેનાં સત્તાધિકારી સરકારશ્રી અલાયદી રીતે નક્કી કરશે.

આ ઠરાવની જોગવાઈઓનું અર્થઘટન કરવાની સત્તા સરકારશ્રી ધરાવશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણા વિભાગની તા. ૧-૧૨-૨૦૧૬ની નોંધથી મળેલ અનુમતી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**(વી. જી. વણઝારા)**
સંયુક્ત સચિવ,
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ.

# આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા. ૧૩/૧૨/૨૦૧૬ના ઠરાવ ક્રમાંક : એમસીજી-૨૦૧૫-એસએફએસ-૬-જ, નું બિડાણ :

## પરિશિષ્ટ

## બાંહેધરી ખત

૧. હું સત્યનિષ્ઠાપૂર્વક એકરાર કરૂં છું કે, ખાનગી અને સ્વૈચ્છિક સંસ્થા ક્ષેત્રે નવી સુપર સ્પેશ્યાલીટી હોસ્પિટલ શરૂ કરવા માટેની યોજના હેઠળ સહાય મેળવવા માટેની અરજી આપેલી માહિતી મારી સંપૂર્ણ જાણ અને માન્યતા પ્રમાણે સાચી છે.

૨. નવી સુપર સ્પેશ્યાલીટી હોસ્પિટલ શરૂ કરવા માટેની યોજના હેઠળ સહાયની મળેલ મંજુરી પત્ર ક્રમાંક : ........................................................... તા. ..............................
અને સરકારી ઠરાવ ક્રમાંક : એમસીજી/૨૦૧૫/એસએફએસ-૬/જ, તા. ૧૩-૧૨-૨૦૧૬માં જણાવેલ શરતો અને જોગવાઈઓનું પાલન કરવા હું બંધન કર્તા છું. આ શરતો પૈકી કોઈ પણ શરતનો ભંગ યોજના હેઠળ મારી મંજુરી થયેલ દરખાસ્તની જોગવાઈઓના ભંગ સમાન ગણાશે અને હું / અમો માંગણી થયેથી અમોને ચુકવેલ સહાયની એકંદર ચુકવાયેલ રકમ સરકારને પરત ચુકવવા બાહેંધરી આપું છું.

૩. નીચે જણાવેલ શરતો અમોને બંધનકર્તા રહેશે.

(૧) તબીબી સાધનો ખરીદવા બેંક દ્વારા ચુકવણુ કરાયેલ લોનની રકમનાં ૧૦ ટકા રકમ મુડી સહાય (Capital Subsidy) પેટે સાધનોનું સ્થાપન કરી કામગીરી શરૂ થયે મળવા પાત્ર થશે. પરંતુ આ સહાયની રકમ હોસ્પિટલ કાર્યરત થયાની તારીખ પછી જ ચુકવવામાં આવશે.

(૨) વ્યાજ પેટે સહાયની રકમ (Interest Subvention) સાત વર્ષ સુધી આપવામાં આવશે. સુપર સ્પેશ્યાલીટી હોસ્પિટલ કાર્યરત થયે એક વર્ષ પછી પ્રથમ તબક્કાની સહાયની રકમ મળવાપાત્ર થશે. ત્યારબાદ દર વર્ષે બાકી બેંક લોન ઉપર ૪ ટકા સુધીના વ્યાજની રકમ છ તબક્કામાં એમ કુલ સાત વર્ષ સુધી ચુકવવામાં આવશે. સહાય ચુકવવાની પ્રક્રિયા અલાયદી રીતે જાહેર કરવામાં આવશે.

(૩) સુપર સ્પેશ્યાલીટી હોસ્પિટલ કાર્યરત થયાની તારીખથી હોસ્પિટલ મકાનના વીજળી ખર્ચ બીલમાં સમાવિષ્ટ વિદ્યુત શુલ્કની રકમનું રીએમ્બર્સમેન્ટ ત્રિમાસિક ધોરણે મળવાપાત્ર થશે. આ અંગે અનુસરવાની પ્રક્રિયા અલાયદી રીતે જાહેર કરવામાં આવશે.

(૪) આ યોજના હેઠળની સહાય નવી સુપર સ્પેશ્યાલીટી હોસ્પિટલમાં ઉપલબ્ધ સુપર સ્પેશ્યાલીટી વિષયની સેવાઓ ચાલુ રહે તો જ મળવાપાત્ર થશે.

(૫) આ યોજના હેઠળની સુવિધા માટે કરવામાં આવેલ આવર્તક ખર્ચ સહાય માટે પાત્ર થશે નહીં. સુપર સ્પેશ્યાલીટી હોસ્પિટલ શરૂ કર્યાની શરૂઆતથી આવર્તક રકમના ખર્ચની જવાબદારી સંબંધિત સંસ્થા / વ્યક્તિએ નિભાવવાની થશે.

(૬) જમીન અને મકાન, ફર્નિચર, એર કંડીશનર, કુલરની જાળવણી અને મરામત માટે કરવામાં આવેલ ખર્ચ લોન સહાય માટે પાત્ર થશે નહીં.

(૭) આ યોજના હેઠળ સ્થાપવામાં આવેલ સુપર સ્પેશ્યાલીટી હોસ્પિટલ ઓછામાં ઓછા પાંચ વર્ષ સુધી ચાલુ હાલતમાં જાળવવાની રહેશે. બેંક લોન દ્વારા ખરીદેલ તબીબી ઉપકરણો એક સ્થળેથી બીજા સ્થળે ખસેડી શકાશે નહીં.

(૮) પાત્ર વ્યક્તિએ સહાયથી કાર્યરત કરાયેલ સુપર સ્પેશ્યાલીટી હોસ્પિટલ ચલાવવા માટે યોગ્ય લાયકાત અને અનુભવ ધરાવતા મેડીકલ, પેરામેડીકલ, નર્સિંગ, વહીવટી, વિગેરે સ્ટાફની નિમણૂંક કરવાની રહેશે.

(૯) આ યોજના હેઠળની સુવિધા કાર્યરત કરવા માટે નિયત કાયદાઓ / નિયમોની જોગવાઈઓનું પાલન કરવાની જવાબદારી લાભાર્થીની રહેશે.

(૧૦) આ ઠરાવ હેઠળની કોઈ પણ શરતનો ભંગ લાભાર્થી / પાત્ર વ્યક્તિ કરશે તો તેમને ચૂકવેલ સહાયની રકમ પરત કરવાની રહેશે અન્યથા સહાયની રકમ જમીન મહેસૂલનાં લેણાં તરીકે પરત વસુલ કરવામાં આવશે.

(૧૧) આ યોજના હેઠળ સહાય મેળવનાર પાત્ર વ્યક્તિ "ઉચ્ચ કક્ષાના આરોગ્ય વિષયક સાધનો વસાવવા અંગેની સહાય યોજના" હેઠળ સહાય મેળવી શકશે નહીં. આ યોજના હેઠળ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત હોસ્પિટલે જે સાધન માટે સહાય મેળવેલ હોય, તે સાધન માટે સરકારશ્રીના તા. ૨-૭-૨૦૧૫ના ઠરાવ ક્રમાંક : હસપ-૧૨૨૦૧૩-ન.બા.૪૭-અ (પાર્ટ ફાઈલ) હેઠળ સહાયની માંગણી કરી શકાશે નહીં.

(૧૨) આ યોજના હેઠળ સહાય મેળવનાર પાત્ર વ્યક્તિ નવી સુપર સ્પેશ્યાલીટી હોસ્પિટલો કાર્યરત થયાના પાંચ વર્ષ પહેલાં "રાજ્યમાં નવી સ્વ-નિર્ભર (ગ્રીન ફીલ્ડ) મેડીકલ કોલેજની સ્થાપના કરવા માટેની પ્રોત્સાહક યોજના" હેઠળ સહાય મેળવવા ઈચ્છે તેવા સંજોગોમાં નવી સહાયની મંજુરી મળેથી આ યોજના હેઠળ મળતી સહાય બંધ થશે.

૪. હું પ્રમાણિત અને જાહેર કરૂં છું કે,

(૧) મેં / અમોએ આ અરજીમાં દાવો કરાયેલ સેટઅપ પર કોઈ પણ પ્રકારની સહાય કે સબસીડી પેટે કોઈ રકમ રાજ્ય સરકાર પાસેથી મેળવેલ નથી.

(૨) હું / અમો આ અરજીમાં દાવો કરાયેલ સેટઅપની સુવિધા પસંદગી પાત્ર વિસ્તાર અને સ્થળ પૂરતી જ મર્યાદિત રાખી સહાય મેળવવા બાંહેધરી આપીએ છીએ અને આ સુવિધા ઓછામાં ઓછા ૫ વર્ષ સુધી જાળવીશું.

(૩) યોગ્ય લાયકાત અને અનુભવ ધરાવતા મેડીકલ, પેરામેડીકલ, નર્સિંગ તથા વહીવટી સ્ટાફની નિમણૂંક કરીશું.

(૪) આ સેટઅપની સુવિધા પૂરી પાડવા માટેની જરૂરી કાયદાકીય પૂર્તતા / મંજૂરી મેળવવાની જવાબદારી અમોની / સંસ્થાની રહેશે.

**સ્થળ :**

**તારીખ :**

**સહી**

**અધિકૃત વ્યક્તિનું નામ તથા સરનામું**

**કંપનીનો સિક્કો**

# ખાનગી અને બિન સરકારી સંસ્થાઓ દ્વારા આરોગ્ય વિષયક સેવાઓ પુરી પાડવા માટે સાધનો વસાવવા અંગેની સહાય યોજના

ગુજરાત સરકાર,
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ,
ઠરાવ ક્રમાંક : એમસીજી-૨૦૧૫-એસએફએસ-૧૩૩-જ
સચિવાલય, ગાંધીનગર.
તારીખ : ૧૩-૧૨-૨૦૧૬

**વંચાણે લીધો :**

કમિશ્નરશ્રી, આરોગ્ય તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણની કચેરી, ગાંધીનગરની સીંગલ ફાઈલ સીસ્ટમ હેઠળ તા. ૨૫-૦૧-૨૦૧૬ની નોંધથી મળેલ દરખાસ્ત.

**પ્રાસ્તાવિક :**

રાજ્યના દુર્ગમ તેમજ અંતરિયાળ વિસ્તારોમાં લોકોને સામૂહિક આરોગ્ય કેન્દ્રો/જીલ્લા હોસ્પિટલો ખાતે વિશિષ્ટ પ્રકારની તબીબી સેવાઓ મર્યાદીત પ્રમાણમાં ઉપલબ્ધ થાય છે. રાજ્યમાં અસંચારી રોગો (NCDs) ના વધતા પ્રમાણનાં કારણે ઉભા થતાં નવા પડકારો, અંતરિયાળ વિસ્તારોમાં આરોગ્ય વિષયક સેવાઓની વધુ માંગ, જાહેર આરોગ્ય સંસ્થાઓમાં નિદાન સેવાઓ માટે દર્દીઓનો ધસારો, યોગ્ય તાલીમ પામેલ માનવ સંશાધનની પૂરતી ઉપલબ્ધિઓનો અભાવ, વગેરે સમસ્યાઓના નિરાકરણ માટે આરોગ્ય વિષયક સેવાઓ પુરી પાડવા માટે ખાનગી ક્ષેત્ર અને બિનસરકારી સંસ્થાઓને પ્રોત્સાહન આપવાની જરૂરીયાત જણાયેલ છે.

આરોગ્ય સેવાઓ પૂરી પાડવા માટે પ્રોત્સાહન આપવા સાથે-સાથે વ્યાપકપણે રોજગારીની તકો ઉભી કરવાનો સરકારનો ધ્યેય છે. આ ધ્યેયને પરિપૂર્ણ કરવા ખાનગી ક્ષેત્ર અને બિનસરકારી સંસ્થાઓને હોસ્પિટલોમાં જરૂરી સાધનો વસાવવા અંગે પ્રોત્સાહન રૂપે સહાય પૂરી પાડવા માટેની નવી નીતિ-નિર્ધારણની બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

**ઠરાવ :**

આ બાબતે પુખ્ત વિચારણાના અંતે, ખાનગી ક્ષેત્ર અને બિનસરકારી સંસ્થાઓ દ્વારા સંચાલિત કાર્ડીયોલોજી અને રેડીયોલોજીની વિશિષ્ટ નિદાન સેવાઓ, બેઝિક સ્પેશ્યાલીટી હોસ્પિટલ અને સુપર સ્પેશ્યાલીટી હોસ્પિટલ દ્વારા ઉચ્ચકક્ષાની આરોગ્ય વિષયક સેવાઓ માટેના સાધનો વસાવવા અંગે રોકડ સહાય પૂરી પાડવા માટેની યોજના નીચે જણાવેલ શરતોને આધિન જાહેર

૧.૧ **યોજનાનું નામ :** આ યોજના ખાનગી અને બિનસરકારી સંસ્થાઓ દ્વારા આરોગ્ય વિષયક સેવાઓ પુરી પાડવા માટે "ઉચ્ચકક્ષાનાં આરોગ્ય વિષયક સાધનો વસાવવા અંગેની સહાય યોજના" તરીકે ઓળખાશે.

૧.૨ **યોજનાનો સમય :** આ ઠરાવ પ્રસિદ્ધ કર્યા તારીખથી શરૂ કરીને તા. ૩૧-૩-૨૦૨૨ સુધી આ યોજના અમલમાં રહેશે. આ યોજનાનો સમય સમાપ્ત થતા પહેલાં એટલે કે, તા. ૩૧-૩-૨૦૨૨ પહેલા ખરીદેલા, વસાવેલા અને કાર્યરત કરવામાં આવેલ હોય તેવા સાધનો જ સહાયને પાત્ર થશે.

**૨. વ્યાખ્યાઓ :**

૨.૧ **ડાયગ્નોસ્ટીક સર્વિસીસ સેન્ટર :** રોગનાં નિદાન અને સારવાર માટે જરૂરી તપાસનાં સાધનો સાથે નવી સુવિધા સ્થાપવા અથવા હયાત ડાયગ્નોસીસ સર્વિસીસ સેન્ટરમાં વધારાનાં સાધનો સાથે નવી સુવિધા સ્થાપવામાં આવે તો તે ડાયગ્નોસ્ટીક સર્વિસીસ સેન્ટર ગણાશે.

૨.૨ **બેઝિક સ્પેશ્યાલીટી હોસ્પિટલ :** રોગનાં નિદાન અને સારવાર માટે પરીશિષ્ટ-ખ નાં કોલમ નં. ૧ માં દર્શાવેલ સ્પેશ્યાલીટી વિષયો પૈકી કોઈપણ એક અથવા એકથી વધારે વિષયોનાં દર્દીઓ માટે લઘુત્તમ ૧૦ પથારીઓ ધરાવતી હયાત બેઝિક સ્પેશ્યાલીટી હોસ્પિટલ અથવા નવી સુવિધા સ્થાપવામાં આવે તો તે બેઝિક સ્પેશ્યાલીટી હોસ્પિટલ ગણાશે.

૨.૩ **સુપર સ્પેશ્યાલીટી હોસ્પિટલ :** રોગનાં નિદાન અને સારવાર માટે પરીશિષ્ટ-ગ નાં કોલમ નં. ૧ માં દર્શાવેલ સુપર સ્પેશ્યાલીટી ક્ષેત્રો પૈકી કોઈપણ એક અથવા એક થી વધારે ક્ષેત્રોનાં દર્દીઓ માટે સુપર સ્પેશ્ટાલીટીની લઘુત્તમ ૧૦ પથારીઓ ધરાવતી હયાત સુપર સ્પેશ્યાલીટી હોસ્પિટલ અથવા નવી સુવિધા સ્થાપવમાં આવે તો તે સુપર સ્પેશાયાલીટી હોસ્પિટલ ગણાશે.

૨.૪ **નવા સાધનો :** ઉત્પાદક પાસેથી અથવા ઉત્પાદકનાં માન્ય એજન્ટ પાસેથી પ્રથમ વખત ખરીદેલ સાધન/સંપૂર્ણ યુનિટનાં સાધનો નવા સાધનો ગણાશે. દેશના અન્ય સ્થળેથી બદલીને અથવા પરદેશથી સેકન્ડ હેન્ડ સાધન તરીકે આયાત કરીને સ્થાપવામાં આવેલ અથવા વપરાયેલ સાધન નવું સાધન ગણાશે નહીં.

૨.૫ **એકંદર ખરીદ કિંમત :** સાધન તેમજ વધારાના સહાયક સાધનોની મૂળ ખરીદ કિંમત તથા લાગુ પડતા તમામ સરકારી વેરાઓ સહિતની કુલ કિંમત તદ્ઉપરાંત સાધન આયાત કરવાના કિસ્સામાં આયાત કરવાના સ્થળે ચૂકવવા પાત્ર નૂર અને આયાત ડ્યુટી સહિતની કિંમત એકંદર ખરીદ કિંમત ગણાશે. પરંતુ ખરીદ કિંમતમાં સાધનની જાળવણી અથવા વાર્ષિક નિભાવ કરાર પેટે ચુકવવામાં આવેલ કે આવનાર ખર્ચનો સમાવેશ થશે નહીં.

૨.૬ **પછાત તાલુકા :** રાજ્યનાં જાહેર કરાયેલ ૪૯ પછાત તાલુકા વિસ્તારો પરિશિષ્ટ-ચ મુજબનાં ગણાશે.

**3. પાત્ર વિસ્તાર :**

(૧) ડાયગ્નોસ્ટીક સર્વિસીસ સેન્ટર માટે અમદાવાદ, વડોદરા, સુરત અને રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં સમાવિષ્ટ વિસ્તાર સિવાયના રાજ્યના સમગ્ર વિસ્તારો સહાય માટે પાત્ર વિસ્તાર ગણાશે. પરંતુ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સેવાભાવથી ચાલતી હોસ્પિટલ આ યોજનાનાં હેતુસર રાજ્યનો સમગ્ર વિસ્તાર પાત્ર ગણાશે.

(૨) બેઝિક સ્પેશ્યાલીટી હોસ્પિટલ માટે બે લાખ કરતાં વધુ વસ્તી ધરાવતાં શહેરો સિવાય રાજ્યનો સમગ્ર વિસ્તાર સહાય મેળવવા પાત્ર વિસ્તાર ગણાશે. વસ્તી માટે ૨૦૧૧ની વસ્તી ગણતરીનો આધાર લેવાનો રહેશે. પરંતુ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સેવાભાવથી ચાલતી બેઝિક સ્પેશ્યાલીટી હોસ્પિટલ માટે રાજ્યનો સમગ્ર વિસ્તાર પાત્ર ગણાશે.

(૩) સુપર સ્પેશ્યાલીટી હોસ્પિટલ માટે રાજ્યનો સમગ્ર વિસ્તાર સહાય મેળવવા પાત્ર વિસ્તાર ગણાશે.

૪. **પાત્ર વ્યક્તિ :** ગુજરાત મેડીકલ કાઉન્સીલમાં નોંધાયેલ કોઈ પણ તબીબ, નોંધાયેલ ભાગીદારી પેઢી અથવા કાયદા હેઠળ નોંધાયેલ સંસ્થા આ સહાયનાં હેતુસર પાત્ર વ્યક્તિ ગણાશે. નોંધાયેલ સંસ્થામાં કંપનીઓ, ચેરીટેબલ ટ્રસ્ટો, સોસાયટી, સરકારી સંસ્થાઓ, સરકારી અને અર્ધસરકારી બોર્ડ, કોર્પોરેશન, સોસાયટી, પંચાયત, નગરપાલિકા, મહાનગરપાલિકા વિગેરેનો સમાવેશ થશે.

૫. **પાત્ર સાધન :**

(૧) ડાયગ્નોસ્ટીક સર્વિસીસ સેન્ટર માટે આ સાથે સામેલ પરિશિષ્ટ-ક ના કોલમ નં. ૨ માં જણાવેલ સાધનો આ યોજના હેઠળ સહાયને પાત્ર ગણાશે.

(૨) બેઝિક સ્પેશ્યાલીટી હોસ્પિટલ માટે આ સાથે સામેલ પરિશિષ્ટ-ખ ના કોલમ નં. ૨ માં જણાવેલ સાધનો આ યોજના હેઠળ સહાયને પાત્ર ગણાશે.

(૩) સુપર સ્પેશ્યાલીટી હોસ્પિટલ માટે આ સાથે સામેલ પરિશિષ્ટ-ગ ના કોલમ નં.૨ માં જણાવેલ સાધનો આ યોજના હેઠળ સહાયને પાત્ર ગણાશે.

**સ્પષ્ટતા :** મશીન સાથે જોડાયેલ સાધન (Attachment) પણ મશીનનો ભાગ ગણી તેની કિંમત મશીનની કિંમતમાં ગણાશે.

૬. **સહાયની રકમ :**

૬.૧ આ સહાય ફક્ત નવા સાધનની ખરીદી માટે જ છે. સેકન્ડ હેન્ડ અથવા વપરાયેલ સાધન દેશના અન્ય સ્થળેથી બદલીને અથવા આયાત કરીને સ્થાપવમાં આવેલ સાધન નવું સાધન ગણાશે નહી અને આવા સાધનો આ યોજના હેઠળ સહાયને પાત્ર બનશે નહીં.

૬.૨ આ સહાય પરિશિષ્ટ-ક, ખ અને ગ ના કોલમ નં. ૨ માં દર્શાવેલ સાધનો માટે જ મળવાપાત્ર છે.

૬.૩ પરિશિષ્ટ-ક, ખ અને ગ ના કોલમ નં. 3 માં દર્શાવેલ સહાયની મહત્તમ મર્યાદામાં રાજ્યના પછાત તાલુકાનાં વિસ્તારો (પરિશિષ્ટ-ચ મુજબ) માં સાધનની એકંદરે ખરીદ કિંમત (તમામ કરવેરા સહિત) ના 30% મુજબ સહાય મળવાપાત્ર થશે.

સ્પષ્ટતા : સાધન સહાય, એકંદર ખરીદ કિંમતના 30% અથવા કોલમ - 3 માં દર્શાવેલ સહાય બે માંથી જે ઓછુ હોય તે મુજબ મળવાપાત્ર થશે.

૬.૪ પછાત તાલુકા સિવાય રાજ્યના સમગ્ર વિસ્તારોમાં પરિશિષ્ટ-ક, ખ અને ગ ના કોલમ નં. ૪ માં દર્શાવેલ સહાયની મહત્તમ મર્યાદામાં સાધનની એકંદર ખરીદ કિંમત (તમામ કરવેરા સહિત)ના ૨૦% મુજબ સહાય મળવાપાત્ર થશે.

**સ્પષ્ટતા :** સાધન સહાય એકંદર ખરીદ કિંમતનાં ૨૦% અથવા કોલમ - ૪ માં દર્શાવેલ સહાય, બે માંથી જે ઓછુ હોય તે મુજબ મળવાપાત્ર થશે.

૬.૫ આ યોજના હેઠળની સહાય આ નીતિ જાહેર કર્યાની તારીખ પછી ખરીદેલ, વસાવેલ અને કાર્યરત સાધનો માટે જ મળવાપાત્ર થશે.

૬.૬ આ યોજના હેઠળ કોઈપણ વ્યક્તિ મહત્તમ ૧૦ કરોડની સહાય મેળવી શકશે. પરંતુ જુદા-જુદા સાધનો માટે સહાય મેળવવા માટે યોજનાની સમય મર્યાદામાં એક કરતા વધુ વખત અરજી કરી શકાશે.

**૭ શરતો :**

૭.૧ સહાયની રકમ બે તબક્કામાં ચુકવવામાં આવશે. પ્રથમ હપ્તો (૫૦% રકમ) સાધનનો વપરાશ શરૂ થયે મળવાપાત્ર થશે અને બીજો હપ્તો (બાકીની ૫૦% રકમ) વપરાશ શરૂ થયા તારીખથી એક વર્ષ પૂર્ણ થયા બાદ ચુકવવામાં આવશે.

૭.૨ આ યોજના હેઠળની સુવિધા માટે કરવામાં આવેલ આવર્તક ખર્ચ સાધનની કિંમતમાં ગણાશે નહી અને તે સહાયપાત્ર થશે નહીં.

૭.૩ જમીન અને મકાન ફર્નીચર, એર કંડીશનર, કુલર અથવા આવા અન્ય સાધનોમાં કરવામાં આવેલ રોકાણ સહાયપાત્ર રોકાણ ગણાશે નહીં.

૭.૪ આ યોજના હેઠળ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત હોસ્પિટલે જે સાધન માટે સહાય મેળવેલ હોય, તે સાધન માટે સરકારશ્રીના તા. ૨-૭-૨૦૧૫ના ઠરાવ ક્રમાંક હસપ-૧૨૨૦૧૩-ન.બા.૪૭-અ (પાર્ટ ફાઈલ) હેઠળ સહાયની માંગણી કરી શકાશે નહીં.

૭.૫ આ યોજના હેઠળ સ્થાપવામાં આવેલ સાધન જે તે સ્થળે વપરાશ શરૂ થયેથી ઓછામાં ઓછા પાંચ વર્ષ સુધી ચાલુ હાલતમાં જાળવવાના રહેશે. આવા સાધન તે જ શહેર / ગામમાં એક સ્થળેથી બીજા સ્થળે પૂર્વ મંજુરી મેળવી ખસેડી શકાશે.

૭.૬ પાત્ર વ્યક્તિએ સહાયથી મેળવેલ સાધન ચલાવવા અને માવજત કરવા માટે યોગ્ય લાયકાત અને અનુભવ ધરાવતા મેડીકલ / પેરામેડીકલ/નર્સિંગ સ્ટાફની નિમણૂંક કરવાની રહેશે.

૭.૭ આ યોજના હેઠળની સુવિધા કાર્યરત કરવા માટે નિયત કાયદાઓ/નિયમોની જોગવાઈઓનું પાલન કરવાની જવાબદારી લાભાર્થીની રહેશે.

૭.૮ આ ઠરાવ હેઠળની કોઈ પણ શરતો ભંગ લાભાર્થી/પાત્ર વ્યક્તિ કરશે તો તેમને મેળવેલ સહાયની રકમ પરત કરવાની રહેશે. અન્યથા ચુકવેલ સહાયની રકમ જમીન મહેસૂલનાં લેણાં તરીકે પરત વસુલ કરવામાં આવશે.

૭.૯ આ યોજના હેઠળ સહાય મેળવનાર પાત્ર વ્યક્તિ “સુપર સ્પેશ્યાલીટી હોસ્પિટલની સ્થાપના અંગેની સહાય યોજના” હેઠળ સહાય મેળવી શકશે નહીં.

૭.૧૦ આ યોજના અન્વયે લાભ મેળવનાર હોસ્પિટલ દ્વારા “મા-અમૃતમ યોજના” માં સામેલ થવાનું રહેશે.

૭.૧૧ આ યોજના અન્વયે એક જ પ્રકારના સાધન માટે એક જ વખત સહાય મળવાપાત્ર રહેશે.

૭.૧૨ આ ઠરાવમાં નિયત કરાયેલ તમામ શરતો અને જોગવાઈનો અમલ કરવા માટે લાભાર્થી / પાત્ર વ્યક્તિએ રૂા.૧૦૦/-ના સ્ટેમ્પ પેપર ઉપર બાંહેધરી ખત પરિશિષ્ટ-ઘ મુજબ આપવાનું રહેશે.

## ૮. પદ્ધતિ :

૮.૧ લાભાર્થી/પાત્ર વ્યક્તિએ નોંધણી માટે નિયત નમૂનામાં જરૂરી દસ્તાવેજો સાથે સંબંધિત જિલ્લાનાં મુખ્ય જિલ્લા તબીબી અધિકારી (સી.ડી.એમ.ઓ.) ને અરજી કરવાની રહેશે.

૮.૨ અરજદારે અરજી સાથે ચકાસણી ફીની રકમ સરકારશ્રીની તરફેણમાં રાષ્ટ્રિયકૃત બેંકના ડીમાન્ડ ડ્રાફ્ટ સ્વરૂપે ભરવાની રહેશે. આ ચકાસણી ફી ની રકમ અરજીમાં જણાવેલ સુચિત સાધનોની કિંમતના ૧% મુજબની રકમ અથવા લઘુત્તમ રૂા.૫૦૦૦/-, તે પૈકી વધારે હોય તેટલી રકમ, પરંતુ મહત્તમ્ રૂા.૨૦,૦૦૦/-ની મર્યાદામાં રહેશે.

૮.૩ મુખ્ય જિલ્લા તબીબી અધિકારી મળેલ અરજી અને દસ્તાવેજોની ચકાસણી કરશે અને રૂા.૫૦/- લાખ સુધીની કિંમતના સાધન માટે લાભાર્થી / પાત્ર વ્યક્તિની દરખાસ્તની નોંધણી કરશે.

૮.૪ રૂા. ૫૦ લાખથી વધારે કિંમતના સાધન માટે લાભાર્થી / પાત્ર વ્યક્તિની દરખાસ્તની નોંધણી કરવા કમિશ્નરશ્રી, આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણની કચેરી, ગાંધીનગરને મોકલવામાં આવશે.

૮.૫ કમિશ્નરશ્રી, આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણની કચેરી, ગાંધીનગર મળેલ અરજી અને દસ્તાવેજોની ચકાસણી કરશે અને રૂા. ૫૦ લાખથી વધારે કિંમતના સાધન માટે લાભાર્થી / પાત્ર વ્યક્તિની દરખાસ્તની નોંધણી કરશે.

૮.૬ લાભાર્થી / પાત્ર વ્યક્તિએ મંજૂર કરાયેલ નોંધણી મુજબનું સાધન વસાવીને કાર્યરત થયે સહાય પેટે રકમ મેળવવા માટે નિયત નમુનામાં જરૂરી દસ્તાવેજો સાથે સંબંધિત જિલ્લાના મુખ્ય જિલ્લા તબીબી અધિકારીને અરજી કરવાની રહેશે.

૮.૭ દાવા હેઠળની સહાયની રકમ મેળવવા મળેલ અરજીની ખરાઈ કરવા સક્ષમ સત્તાધિકારી : જિલ્લા કક્ષાની સમિતિ અથવા રાજ્ય કક્ષાની સમિતિ તાંત્રિક જૂથની રચના કરશે.

૮.૮ તાંત્રિક જૂથ કેન્દ્ર / હોસ્પિટલ સંકુલની સ્થળ મુલાકાત લઈ વિગતવાર ભૌતિક ચકાસણી કરશે અને સહાયની રકમ ચૂકવવા માટે સક્ષમ સત્તાધિકારી સમિતિને વિચારણા માટે અહેવાલ રજૂ કરશે.

૮.૯ સક્ષમ સત્તાધિકારી એટલે કે જિલ્લા કક્ષાની સમિતિ અથવા રાજ્ય કક્ષાની સમિતિ મળેલ અહેવાલ પર વિચારણા કરી લાભાર્થી / પાત્ર વ્યક્તિને સહાયની રકમ મંજૂર કરશે.

## ૯. જિલ્લા કક્ષાની સમિતિ :

લાભાર્થી / પાત્ર વ્યક્તિને સહાયની મંજૂરી અને મળેલ દરખાસ્તની ચકાસણી માટે જીલ્લા કક્ષાની સમિતિની રચના કરવામાં આવશે. પછાત તાલુકા વિસ્તારોમાં રૂા. ૧૫ લાખ સુધી અને પછાત તાલુકા સિવાયના વિસ્તારોમાં રૂા. ૧૦ લાખ સુધીની સહાયની મંજૂરીની સત્તા આ સમિતિને રહેશે. આ સમિતિમાં નીચે મુજબના સભ્યો રહેશે.

| | |
|---|---|
| જિલ્લા કલેક્ટર | ચેરમેન |
| જિલ્લા વિકાસ અધિકારી | સભ્ય |
| ડીન/તબીબી અધિક્ષક, મેડીકલ કોલેજ/સંલગ્ન હોસ્પિટલ | સભ્ય |
| (સરકારશ્રી દ્વારા નિયુક્ત કરાયેલ)<br>વિભાગીય નાયબ નિયામક (આરોગ્ય) | સભ્ય |
| મુખ્ય જિલ્લા તબીબી અધિકારી | સભ્ય સચિવ |
| વિષય નિષ્ણાંત (ચેરમેનશ્રી દ્વારા નિયુક્ત કરાયેલ) | આમંત્રિત સભ્ય |
| વિષય નિષ્ણાંત (તાંત્રિક જૂથમાં નિયુક્ત કરાયેલ) | આમંત્રિત સભ્ય |

રૂા. ૫૦ લાખ સુધીની એકંદર કિંમતના સાધન માટેની સહાય મંજૂર કરવાની સત્તા આ સમિતિ ધરાવશે. ભૌતિક નિરીક્ષણ માટે તાંત્રિક જૂથની રચના સરકારશ્રીની વખતો વખતની સૂચનાઓ મૂજબ કરવાની પણ સત્તા ધરાવશે.

**૧૦. રાજ્ય કક્ષાની સમિતિ :**

લાભાર્થી / પાત્ર વ્યક્તિને રૂા. ૫૦ લાખથી વધુ રકમનાં સાધનો માટે સહાયની મંજૂરી અને મળેલ દરખાસ્તની ચકાસણી માટે રાજ્ય કક્ષાની સમિતિની રચના કરવમાં આવશે. પછાત તાલુકા વિસ્તારોમાં રૂા. ૧૫ લાખથી વધારે અને પછાત તાલુકા સિવાયના વિસ્તારોમાં રૂા. ૧૦ લાખથી વધારે સહાયની મંજૂરીની સત્તા આ સમિતિને રહેશે. આ સમિતિમાં નીચે મુજબના સભ્યો રહેશે.

| | |
|---|---|
| કમિશ્નર (આરોગ્ય) | ચેરમેન |
| અગ્ર સચિવ/સચિવ, નાણાં વિભાગ | સભ્ય |
| મેનેજીંગ ડિરેક્ટર, ગુજરાત મેડીકલ સર્વિસીસ કોર્પોરેશન લી. | સભ્ય |
| ડીન/તબીબી અધિક્ષક/નિયામક, મેડીકલ કોલેજ/સંલગ્ન હોસ્પિટલ<br>(સરકારશ્રી દ્વારા નિયુક્ત કરાયેલ) | સભ્ય |
| અધિક નિયામક (તબીબી સેવાઓ) | સભ્ય સચિવ |
| વિષય નિષ્ણાંત (ચેરમેનશ્રી દ્વારા નિયુક્ત કરાયેલ) | આમંત્રિત સભ્ય |
| વિષય નિષ્ણાંત (તાંત્રિક જુથમાં નિયુક્ત કરાયેલ) | આમંત્રિત સભ્ય |

રૂા. ૫૦ લાખથી વધારે એકંદર કિંમતના સાધન માટેની સહાય મંજૂર કરવાની સત્તા આ સમિતિ ધરાવશે. આ સમિતિ ભૌતિક નિરીક્ષણ માટે તાંત્રિક જૂથની રચના કરવાની પણ સત્તા ધરાવશે.

જિલ્લા કક્ષાની સમિતિને માર્ગદર્શન આપવાની સત્તા આ સમિતિ ધરાવશે.

આ ઠરાવની જોગવાઈઓનું અર્થઘટન કરવાની સત્તા સરકારશ્રી ધરાવશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણા વિભાગની તા. ૧૭-૧૦-૨૦૧૬ની નોંધથી મળેલ અનુમતી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**(વી. જી. વણઝારા)**
સંયુક્ત સચિવ,
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ.

# આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા. ૧૩/૧૨/૨૦૧૬ના ઠરાવ ક્રમાંક : એમસીજી-૨૦૧૫-એસએફએસ-૧૩૩-જ, નું બિડાણ :

## પરિશિષ્ટ - ક

**ડાગ્નોસ્ટીક સર્વિસીસ સેન્ટર માટે સહાયની યોજના હેઠળ પાત્ર સાધનોની યાદી**

| સ્પેશ્યાલીટી | સાધનનું નામ | સહાયની મહત્તમ મર્યાદા (રૂા. લાખમાં) | |
|---|---|---|---|
| | | પછાત તાલુકામાં સમાવિષ્ટ વિસ્તાર | કોલમ-૩ સિવાય પાત્રતા ધરાવતો વિસ્તાર |
| ૧ | ૨ | ૩ | ૪ |
| રેડીયોલોજી | મેમોગ્રાફી | ૬ | ૪ |
| | સીટી સ્કેન (૧૬ સ્લાઈસ અથવા વધારે | ૧૨૦ | ૮૦ |
| | એમ.આર.આઈ. (૧.૫ ટેસ્લા અથવા વધારે) | ૧૮૦ | ૧૨૦ |
| કાર્ડીયોલોજી | ઈકોકાર્ડીયોગ્રાફી | ૬ | ૪ |
| | કલર ડોપલર | ૩ | ૨ |

# આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા. ૧૩/૧૨/૨૦૧૬ના ઠરાવ ક્રમાંક : એમસીજી-૨૦૧૫-એસએફએસ-૧૩૩-જ, નું બિડાણ :

## પરિશિષ્ટ - ખ

**બેઝિક સ્પેશ્યાલીટી હોસ્પિટલનાં સાધનોની ખરીદી માટે સહાયની યોજના હેઠળ પાત્ર સાધનોની યાદી**

| સ્પેશ્યાલીટી | સાધનનું નામ | સહાયની મહત્તમ મર્યાદા (રૂા. લાખમાં) | |
|---|---|---|---|
| | | પછાત તાલુકામાં સમાવિષ્ટ વિસ્તાર | કોલમ-૩ સિવાય પાત્રતા ધરાવતો વિસ્તાર |
| ૧ | ૨ | ૩ | ૪ |
| એનેસ્થેસિયા | એનેસ્થેસિયા વર્ક સ્ટેશન મશીન | ૪.૫ | ૩ |
| ઈ.એન.ટી. | સર્જીકલ માઈક્રોસ્કોપ | ૩ | ૨ |
| | નેઝલ એન્ડોસ્કોપ સેટ | ૩ | ૨ |
| ગાયનેકોલોજી | અલ્ટ્રાસાઉન્ડ મશીન વીથ કલર ડોપ્લર | ૪.૫ | ૩ |
| ઓપ્થેલમોલોજી | ફેકો-ઈમલ્સીફીકેશન મશીન | ૩ | ૨ |
| | સર્જીકલ ઓપરેટીવ માઈક્રોસ્કોપ | ૩ | ૨ |
| | ઓટોક્લેવ મશીન | ૧.૫ | ૧ |
| ઓર્થોપેડીક્સ | સી. આર્મ | ૭.૫ | ૫ |
| મેડીસીન | કાર્ડીયાક મોનીટર/ મલ્ટીપેરા મોનીટર | ૨.૨૫ | ૧.૫ |
| ક્રીટીકલ કેર | આઈસીયુ/એનઆઈસીયુ (કુલ ૫ બેડ સેટઅપ) | ૭.૫ | ૫ |
| | આઈસીયુ/એનઆઈસીયુ વધારાના બેડ માટે | ૧.૫ લાખ (બેડ દીઠ) | ૧ લાખ (બેડ દીઠ) |
| | આઈસીસીયુ (કુલ ૫ બેડ સેટઅપ) | ૧૨ | ૮ |
| | આઈસીયુ/એનઆઈસીયુ વધારાના બેડ માટે | ૨ લાખ (બેડ દીઠ) | ૧.૫ લાખ (બેડ દીઠ) |

# આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા. ૧૩/૧૨/૨૦૧૬ના ઠરાવ ક્રમાંક : એમસીજી-૨૦૧૫-એસએફએસ-૧૩૩-જ, નું બિડાણ :

## પરિશિષ્ટ - ગ

**સુપર સ્પેશ્યાલીટી હોસ્પિટલનાં સાધનોની ખરીદી માટે સહાયની યોજના હેઠળ પાત્ર સાધનોની યાદી**

| સ્પેશ્યાલીટી | સાધનનું નામ | સહાયની મહત્તમ મર્યાદા (રૂા. લાખમાં) | |
|---|---|---|---|
| | | પછાત તાલુકામાં સમાવિષ્ટ વિસ્તાર | કોલમ-૩ સિવાય પાત્રતા ધરાવતો વિસ્તાર |
| ૧ | ૨ | ૩ | ૪ |
| કેન્સર | લીનીયર એક્સીલરેટર | ૧૮૦ | ૧૨૦ |
| | સીટી સીમ્યુલેટર | ૧૨૦ | ૮૦ |
| | બ્રેકીથેરાપી યુનિટ | ૬૦ | ૪૦ |
| કાર્ડીયોલોજી | કેથલેબ | ૭૫ | ૫૦ |
| કીડની | લીથોટ્રીપ્સી મશીન | ૩૦ | ૨૦ |
| | ડાયાલીસીસ યુનિટ (કુલ ૩ મશીન) | ૪.૫ | ૩ |
| | વધારાના ડાયાલીસીસ પ્રતિ મશીન માટે | ૧.૫ | ૧ |

# આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા. ૧૩/૧૨/૨૦૧૬ના ઠરાવ ક્રમાંક : એમસીજી-૨૦૧૫-એસએફએસ-૧૩૩-જ, નું બિડાણ :

## પરિશિષ્ટ - ઘ

## બાંહેધરી ખત

૧. હું સત્યનિષ્ઠાપૂર્વક એકરાર કરૂં છું કે, ખાનગી અને સ્વૈચ્છિક સંસ્થા ક્ષેત્રમાં ડાયગ્નોસ્ટીક સર્વિસીસ સેન્ટર/ બેઝિક સ્પેશ્યાલીટી હોસ્પિટલ / સુપર સ્પેશ્યાલીટી હોસ્પિટલમાં સાધનોને વસાવી કાર્યરત કરવા માટેની યોજના હેઠળ રોકડ સહાય મેળવવા માટેની અરજી આપેલી માહિતી મારી સંપૂર્ણ જાણ અને માન્યતા પ્રમાણે સાચી છે.

૨. ડાયગ્નોસ્ટીક સર્વિસીસ સેન્ટર / બેઝિક સ્પેશ્યાલીટી હોસ્પિટલ / સુપર સ્પેશ્યાલીટી હોસ્પિટલમાં સાધનોને વસાવી કાર્યરત કરવા માટેની યોજના હેઠળ રોકડ સહાયની મળેલ મંજુરી પત્ર ક્રમાંક : ..........................................................................................
તા. .............................. અને સરકારી ઠરાવ ક્રમાંક : એમસીજી/૨૦૧૫/એસએફએસ-૧૩૩/જ, તા. ૧૩-૧૨-૨૦૧૬માં જણાવેલ શરતો અને જોગવાઈઓનું પાલન કરવા હું બંધન કર્તા છું. આ શરતો પૈકી કોઈ પણ શરતનો ભંગ યોજના હેઠળ મારી મંજુરી થયેલ દરખાસ્તની જોગવાઈઓના ભંગ સમાન ગણાશે અને હું / અમો માંગણી થયેથી અમોને ચુકવેલ રોકડ સહાયની એકંદર ચુકવાયેલ રકમ સરકારને પરત ચુકવવા બાહેંધરી આપું છું.

૩. યોજના નીચે સહાય મેળવવા માટે નીચે જણાવેલ શરતો અમોને બંધનકર્તા રહેશે.

(૧) સહાયની રકમ બે તબક્કામાં ચુકવવામાં આવશે. પ્રથમ હપ્તો (૫૦% રકમ) સાધનનો વપરાશ શરૂ થયે મળવાપાત્ર થશે અને બીજો હપ્તો (બાકીની ૫૦% રકમ) વપરાશ શરૂ થયા તારીખથી એક વર્ષ પૂર્ણ થયા બાદ ચુકવવામાં આવશે.

(૨) આ યોજના હેઠળની સુવિધા માટે કરવામાં આવેલ આવર્તક ખર્ચ સાધનની કિંમતમાં ગણાશે નહીં અને તે સહાય માટે પાત્ર થશે નહીં.

(૩) જમીન અને મકાન, ફર્નીચર, એર કંડીશનર, કુલર અથવા આવા અન્ય સાધનોમાં કરવામાં આવેલ રોકાણ સહાય માટે પાત્ર રોકાણ ગણાશે નહીં.

(૪) આ યોજના હેઠળ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત હોસ્પિટલે જે સાધન માટે સહાય મેળવેલ હોય, તે સાધન માટે સરકારશ્રીના તા. ૨-૭-૨૦૧૫ના ઠરાવ ક્રમાંક : હસપ-૧૨૨૦૧૩-ન.બા.૪૭-અ (પાર્ટ ફાઈલ) હેઠળ સહાયની માંગણી કરી શકાશે નહીં.

(૫) આ યોજના હેઠળ સ્થાપવામાં આવેલ સાધન જે તે સ્થળ વપરાશ શરૂ થયેના ઓછામાં ઓછા ત્રણ વર્ષ સુધી ચાલુ હાલતમાં જાળવવાના રહેશે. આવા સાધન તે જ શહેર / ગામમાં એક સ્થળેથી બીજા સ્થળે ખસેડતાં પહેલાં પુર્વ મંજુરી મેળવીશું.

(૬) પાત્ર વ્યક્તિએ સહાયથી મેળવેલ સાધન ચલાવવા અને માવજત કરવા માટે યોગ્ય લાયકાત અને અનુભવ ધરાવતા મેડીકલ / પેરામેડીકલ / નર્સિંગ સ્ટાફની નિમણૂંક કરીશું.

(૭) આ યોજના હેઠળની સુવિધા કાર્યરત કરવા માટે નિયત કાયદાઓ / નિયમોની જોગવાઈઓનું પાલન કરવાની જવાબદારી અમારી લાભાર્થીની છે.

(૮) આ ઠરાવ હેઠળની કોઈ પણ શરતનો ભંગ અમો કરીશું તો અમોને મળેલ સહાયની રકમ પરત કરવાની રહેશે અન્યથા ચૂકવેલ સહાયની રકમ જમીન મહેસૂલનાં લેણાં તરીકે અમારી પાસેથી પરત વસુલ કરવામાં આવશે.

(૯) આ યોજના હેઠળ સહાય મેળવનાર પાત્ર વ્યક્તિ "સુપર સ્પેશ્યાલીટી હોસ્પિટલની સ્થાપના અંગેની સહાય યોજના" હેઠળ સહાય મેળવીશું નહીં.

(૧૦) મેં / અમોએ આ અરજીમાં દાવો કરાયેલ સાધન / સેટઅપ પર કોઈ પણ પ્રકારની સહાય કે સબસીડી પેટે કોઈ રકમ રાજ્ય સરકાર પાસેથી મેળવેલ નથી.

(૧૧) હું / અમો આ અરજીમાં દાવો કરાયેલ સાધન / સેટ અપની સુવિધા પસંદગી પાત્ર વિસ્તાર અને સ્થળ પૂરતી જ મર્યાદિત રાખી સહાય મેળવવા બાંહેધરી આપીએ છીએ અને આ સુવિધા ઓછામાં ઓછા ૩ વર્ષ સુધી જાળવીશું.

હું પ્રમાણિત અને જાહેર કરૂં છું કે, ઉપરોક્ત કરેલ નિવેદન સત્ય છે અને ખોટું નિવેદન કરવું તે ગુનાને પાત્ર છે તે હું / અમો જાણીએ છીએ.

**સ્થળ :**

**તારીખ :**

**સહી**

**અધિકૃત વ્યક્તિનું નામ તથા સરનામું**

**કંપનીનો સિક્કો**

# આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા. ૧૩/૧૨/૨૦૧૬ના ઠરાવ ક્રમાંક : એમસીજી-૨૦૧૫-એસએફએસ-૧૩૩-જ, નું બિડાણ :

## પરિશિષ્ટ - ચ

**પછાત તાલુકાઓની યાદી**

| જિલ્લાનું નામ | | કુલ તાલુકા | તાલુકાનું નામ તા. ૧૬-૭-૨૦૧૬ની સ્થિતિએ |
|---|---|---|---|
| (૧) | | (૨) | (૩) |
| ૧ | છોટા ઉદેપુર | ૧ | ૧. કવાંટ |
| | | ૨ | ૨. જેતપુર પાવી |
| | | ૩ | ૩. નસવાડી |
| | | ૪ | ૪. બોડેલી |
| ૨ | દાહોદ | ૫ | ૧. ધાનપુર |
| | | ૬ | ૨. ગરબાડા |
| | | ૭ | ૩. ઝાલોદ |
| | | ૮ | ૪. ફતેપુરા |
| | | ૯ | ૫. લીમખેડા |
| | | ૧૦ | ૬. દેવગઢબારીયા |
| | | ૧૧ | ૭. સંજેલી |
| ૩ | વલસાડ | ૧૨ | ૧. કપરાડા |
| ૪ | નર્મદા | ૧૩ | ૧. સાગબારા |
| | | ૧૪ | ૨. દેદીયાપાડા |
| ૫ | પંચમહાલ - ગોધરા | ૧૫ | ૧. ઘોઘંબા |
| | | ૧૬ | ૨. મોરવા (હડફ) |
| | | ૧૭ | ૩. શહેરા |
| | | ૧૮ | ૪. જાંબુઘોડા |
| ૬ | મહિસાગર | ૧૯ | ૧. કડાણા |
| | | ૨૦ | ૨. ખાનપુર |
| | | ૨૧ | ૩. સંતરામપુર |

| જિલ્લાનું નામ | | કુલ તાલુકા | તાલુકાનું નામ તા. ૧૬-૭-૨૦૧૬ની સ્થિતિએ |
|---|---|---|---|
| (૧) | | (૨) | (૩) |
| ૭ | બનાસકાંઠા - પાલનપુર | ૨૨ | ૧. વાવ |
| | | ૨૩ | ૨. થરાદ |
| | | ૨૪ | ૩. અમીરગઢ |
| | | ૨૫ | ૪. દાંતા |
| | | ૨૬ | ૫. દીયોદર |
| | | ૨૭ | ૬. ભાભર |
| | | ૨૮ | ૭. કાંકરેજ |
| | | ૨૯ | ૮. સૂઈગામ |
| ૮ | ડાંગ | ૩૦ | ૧. ડાંગ |
| | | ૩૧ | ૨. સુબીર |
| | | ૩૨ | ૩. વઘઈ |
| ૯ | સુરત | ૩૩ | ૧. ઉમરપાડા |
| ૧૦ | તાપી | ૩૪ | ૧. ઉચ્છલ |
| | | ૩૫ | ૨. નિઝર |
| | | ૩૬ | ૩. સોનગઢ |
| | | ૩૭ | ૪. કુકરમુંડા |
| ૧૧ | કચ્છ | ૩૮ | ૧. રાપર |
| | | ૩૯ | ૨. લખપત |
| ૧૨ | પાટણ | ૪૦ | ૧. સાંતલપુર |
| | | ૪૧ | ૨. સમી |
| | | ૪૨ | ૩. શંખેશ્વર |
| ૧૩ | બોટાદ | ૪૩ | ૧. બરવાળા |
| ૧૪ | દેવભૂમિ દ્વારકા | ૪૪ | ૧. કલ્યાણપુર |
| ૧૫ | ભાવનગર | ૪૫ | ૧. ઘોઘા |
| ૧૬ | ભરૂચ | ૪૬ | ૧. વાલીયા |
| ૧૭ | સુરેન્દ્રનગર | ૪૭ | ૧. ચોટીલા |
| | | ૪૮ | ૨. સાયલા |
| | | ૪૯ | ૩. થાનગઢ |



કમિશ્નર,
આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ,
બ્લોક નં. ૫, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
ફોન નં. : ૦૭૯-૨૩૨૫૧૧૫૯, ૨૩૨૫૩૨૮૬
વેબ સાઈટ : www.gujhealth.gov.in
ટ્વીટર : http://www.twitter.com/gujHFWDept